(e) Prinoiples of Evaluation.

Reference Books

1. Organisation of Physical Education — by P. M. Joseph.

2. Organisation of Physical Education — by J. P. Thomas.

3. Organisation and Administration of Physical Education — by Voltmer, E. F., and Esslinger, A. A.

4. School Administration and Organisation — by Safaya R. M. and R. D. Shaidi.

5. The Administration of Health Education Physical Education — by Williams, Browncll, Vanier.

6. School Administration and Management — by Mohiyuddin M. Sullan.

૭. શારીરિક કેળવણી દર્શન ખંડ-૩ — લે. શ્રી. સી. યુ. શાહ.

PAPER-V : Methods & Materials in Physical Education & Sports

1. Importance of methods in class-room teaching & outside the class-room (Teaching skills on the ground)

2. Methods of education : Orientation, Lecturing Demonstration Questioning & Discussion, Practice, Assignments, Problem solving programme of instructions, supervised study and home work Remedial teaching, project method, kinder garten method etc.

3. Method of sports & games activities and skills : commond method, Demonstration visual & mirror method, description by part & Part by description method, continuation with rhythm self counting method, part-whole & whole-part-whole method etc.

4. Lesson-planning

   (a) Importance & Principles of lesson planning

   (b) Format of lesson planning

   (c) Types of lesson: Drill lesson, Skill lesson, coaching lesson (formal & Informal types of lesson)

   (d) Importance of teaching Aids, Types of teaching aids & uses of teaching aid-Audio-Visuals, Charts, models films Black board etc.

5. Evaluation & Testing :

(a) The old concept of Evaluation procedure

(b) New approach of evaluation procedure

(c) Types of evaluation tests--Oral (Practical-skill test knowledge test, Aptitude test.)

(d) Tools of evaluation-Rating scale, interview etc.

6. Procedure of Teaching techniques :

(a) Personal preparation

(b) Technical preparation

(c) Organising subject-matter

(d) Presentation of subject-matter

(e) Class management.

7. Methods of Tournaments :

(a) type of Tournament methods

(b) Fixtures and competitions

(c) Preparation of result sheets.

8. Track & Field Layout

(a) The ideal tract

(b) Planning layout and marking of the running track & fields.

Reference book

1. Principles & Methods of Teaching--by Bhatia K. K.
2. Introduction of Teaching--By Bernard H. C.
3. Methods in Physical Education--by C. Sharma
4. Track marking--by C. Tirunarayan & S. Harihar Sharma
5. શારીરિક શિક્ષા અભ્યાપન —કલ્યાણ, શર્મા અને તિવારી
6. શિક્ષણ ઈ. કલા, શિક્ષણ તકનિક એવમ્ નવીન પદ્ધતિયાં —શ્રી. એસ. એસ. માથુર
7. સફલ પાઠ યોજના —શ્રી. બી.એ. એસ. તિવારી
8. શિક્ષણ કે સામાન્ય સિદ્ધાંત તથા વિધિયાં —કે. કે. ભાટીયાઈ, સૌ. એલ. નારંગ
9. પદ્ધતિ અને સાહિત્ય —શ્રી. એસ. કે. પટેલ,
—શ્રી એસ. એમ. ચાવડા

PAPER VI : Officiating & Coaching of Sports and Games

SECTION I : OFFICIATING

1. Officiating :

   (a) Meaning and importance of officiating

   (b) Qualities of a good official

   (c) Duties of officials

   (d) Relation of officials with—
   (i) Management, (ii) Coaches, (iii) Captain & Players, (iv) Spectators.

   (e) Factors affecting officiating

   (f) Importing the Standards of officiating.

2. Practical officiating on the field :

   (a) Back ground values and present status of the game

   (b) The skills of the game

   (c) Use of Positional play and formations of play in team games

   (d) Rules & their interpretations of games & sports

   (e) Preparation and furnishing the score sheets of games and sports.

   (f) Knowledge of measurements and marking of play field and track and fields.

   (g) Signals and singen of officiating of games sports.

SECTION II : COACHING

1. (a) Meaning of Teaching, Training and Coaching

   (b) Aims and objectives of coaching

   (c) Qualities and Qualification of a coach

   (d) Duties of a coach

   (e) Relation of coach with players and others

   (f) Principles of coaching

   (g) Methods of coaching

   (h) Stages of teaching games and sports skills and techniques.

2. Methods of Training :
   (a) Circuit Training
   (b) Weight Training
   (c) Internal Training
   (d) Fartlock
   (e) Pressure Training
   (f) Isotonic, Isometric and Isokinetic Training Exercises.
3. Training Schedules and Planning
4. Warming up and conditioning of Players and teams
5. Scientific Principles applied to coaching
   Equilibrium, Motion, Force, Lever etc.
6. Class Organisation, Coaching aids and Devices
7. Preparation of Sports, Coaching Lesson Unit
8. Selection of Squad and Tea, Pleas and Team.
9. Analysis of players (Scouting)
10. Requisltics of a Champion : Ability, Interest, Fortness, Pride, Determination
11. Promoting and Maintaining Interest in Coaching

Reference Books

1. 'Scientific Principles of Coaching' by John W. Best
2. 'The Art of Officiating Sports' by John W. Best
3. 'Track Field Athletics' by Breshnaham, Tuttle Cretzmeye
4. 'Soccer Coaching'—by Walten Winterbottom
5. 'Mannual of Athletic Competitions' by Jal D. Pardiwala
6. 'Books of Rules of Games and Sports' by Y. M. C. A. Publication House.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૯

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશનની એક સભા તા. ૨૩--૨--૧૯૯૪ના રોજ બપોરના ૩--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું : ૧.

૧. કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨. ઉપકુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી (વિનયન વિદ્યાશાખા)	હાજર
૪. આચાર્યશ્રી એન. આર. શાહ (વિજ્ઞાન વિદ્યાશાખા)	હાજર
૫. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ (વાણિજ્ય વિદ્યાશાખા)	હાજર
૬. આચાર્યશ્રી નટુભાઈ વી. રાવલ (શિક્ષણ વિદ્યાશાખા)	હાજર
૭. શ્રી. એમ. સી. છાબરિયા (એન્જિનિયરિંગ વિદ્યાશાખા)	હાજર
૮. શ્રી. એસ. એસ. સાંઘવી (કાયદા વિદ્યાશાખા)	ગેરહાજર
૯. શ્રી. કેતનભાઈ ટી. દેસાઈ (મેડિકલ વિદ્યાશાખા)	ગેરહાજર
૧૦. ફાર્મસી વિદ્યાશાખા, ડીનશ્રી	નિયુક્ત થયેલ નથી.
૧૧. દંત વિદ્યાશાખા, ડીનશ્રી	,, ,,

૧. તા. ૧૩--૧--૧૯૯૨ના રોજ મળેલ સભાના કામકાજની નોંધની બહાલી આપવા બાબત.

તા. ૧૩--૧--૧૯૯૨ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી ઑન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

ટેકનિકલ એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર તરફથી લેવામાં આવતી ફાઈનલ ડિપ્લોમા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સાઉન્ડ એન્જિનિયરિંગની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને સીધા બી.ઈ.-૨ સેમે. ઉના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા માટે વિચારણા કરવા બાબત.

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીનો અભિપ્રાય નીચે મુજબ છે :

"As far as direct admission to third semester is concerned the eligibility Certificate may please be issued as per the existing regulations for this academic year. The change in qualifying exam, suggested for B.E. (Electronics and Communication) may please be referred to the competent bodies of the University, so that it can be given effect in the next academic year."

આથી ઠરાવવામાં આવે છે કે ટેકનિકલ એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર તરફથી લેવામાં આવતી ફાઇનલ ડિપ્લોમા ઇલેકટ્રોનિકસ ઍન્ડ સાઉન્ડ એન્જિનિયરિંગની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને સીધા બીઈ. ૨ ક્રમે. ઉના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા માટેની બાબત "ઈજનેરી વિદ્યાશાખા"ની વિચારણા માટે મૂકવી.

૩. એમ. પી. બોર્ડ, ભોપાલ દ્વારા લેવામાં આવતી ૧૦+૨ની હાયર સેકન્ડરી પરીક્ષા લેવાની પ્રથા ૧૯૮૮થી અમલમાં આવેલ છે. સદરહુ પરીક્ષાને ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.પી. બોર્ડ, ભોપાલ દ્વારા લેવામાં આવતી ૧૦+૨ની હાયર સેકન્ડરી પરીક્ષા લેવાની પ્રથા ૧૯૮૮થી અમલમાં આવેલ છે. સદરહુ પરીક્ષાને ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે અન્ય બોર્ડની ૧૨મા ધોરણની પરીક્ષા અંગે જે ધોરણ અપનાવાયું છે તે મુજબ કરવા.

૪. હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી સર્ટિફિકેટ (ધો. ૧૨)ના વિજ્ઞાનપ્રવાહ સાથે પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થી આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કોમ.ના ડિગ્રી અભ્યાસક્રમમાં આગળ અભ્યાસની શકયતા નથી. તેના સંદર્ભમાં સહાનુભૂતિપૂર્વક વિચારણા ગુજરાત સરકારની દરખાસ્ત અંગે સેકશન અધિકારી, શિક્ષણ વિભાગના તા. ૭--૧૨--૧૯૮૮ના પત્રાંક યવસ-૧૦૮૮-૨૯૦૧-૯૧ પર વિચારણા કરવા બાબત.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે હાલનાં પ્રવેશપાત્રતાનાં જે ધોરણો છે તે પર્યાપ્ત છે તેથી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૭--૧૨--૧૯૮૮ના પત્રાંક યવસ--૧૦૮૮--૨૯૦૧--૯૧ દ્વારા કરવામાં આવેલી વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૫. સંબલપુર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.એસસી. (એન્જ.) પરીક્ષાનું નામાભિધાન બદલીને બી.ઈ. કરવામાં આવેલ છે જેની નોંધ રેગ્યુ. ૫ કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની નોંધ લેવામાં આવી.

૬. કુરુક્ષેત્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી બી.એસસી. (એન્જ.) પરીક્ષાનું નામાભિધાન બેચલર ઓફ ટેકનોલોજી (બી.ટેક.) કર્યા અંગે સદરહુ યુનિવર્સિટીના તા. ૮--૩--૧૯૮૮ના પત્રાંક એ.સી.એમ. ૨-૭-૮૮-૨૦ની નોંધ લઈ ઘટતો સુધારો રેગ્યુ. ૫માં કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર દ્વારા લેવામાં આવતી "બી.એસસી. (એન્જિ.)" પદવી પરીક્ષાનું નામાભિધાન "બી.ઈ." પદવી પરીક્ષા કરેલ છે. તે અંગે રેગ્યુ.૧૫માં સુધારો કરી નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોર દ્વારા લેવામાં આવતી એમ.ઈ. (સિવિલ) પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીના એમ.ઈ. (સિવિલ) પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી એ. ડી. પંડ્યા, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદનો અભિપ્રાય :

> "The standard of M.E. from **II. Sc. Bangalore is of the highest order and it can be confortable recognised on the Gujarat University list I. I. Sci, Bangalore** is an automous institution & it is equivalent to a university & it wards its own degrees."

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોર દ્વારા લેવામાં આવતી એમ.ઈ. (સિવિલ) પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.ઈ. (સિવિલ) પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવાનું રાખવું.

૯. બનાસ્થળી વિદ્યાપીઠ, બનાસ્થળી (રાજસ્થાન) દ્વારા લેવામાં આવતા 'સીનિયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષાને ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તારીખ વગરના પત્રાંક એસ/એ/આઈ/ઈકિવ/૮૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બનાસ્થળી વિદ્યાપીઠ, બનાસ્થળી (રાજસ્થાન) દ્વારા લેવામાં આવતી સીનિયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષાને ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશ ઍન્ડ ફોરેન લૅંગ્વેજ, હૈદ્રાબાદ દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઇન એમ.લિટ. (માસ્ટર ઑફ લેટર્સ રિસર્ચ પદવી પરીક્ષા)ની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની એમ.એ. તુલ્ય ગણાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.એ. તુલ્ય ગણવા અંગેની બાબત દફ્તરે કરવી.

૧૧. અન્ય યુનિવર્સિટીઓમાંથી માન્ય સંસ્થાઓમાંથી ૧૦+૨ની પરીક્ષાઓ જેવી કે હાયર સેકન્ડરી, ઇન્ટરમીડિયેટ, પ્રી-યુનિવર્સિટી, બી.એસસી. પાર્ટ ૧ વગેરે ગણિતશાસ્ત્ર વિષય સિવાય ફિઝિકસ, કેમિસ્ટ્રી, બાયોલોજી તથા અન્ય વિષયો સહિત પાસ કરનાર વિદ્યાર્થીઓ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ફર્સ્ટ એમ.બી.,બી.એસ., ફર્સ્ટ બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પ્રવેશપાત્ર નથી. પરંતુ આવા વિદ્યાર્થીઓ ઑલ ઈન્ડિયા એન્ટ્રન્સ પરીક્ષા દ્વારા પસંદગી પામેલ હોય તેઓને સર્વોચ્ચ અદાલતના ચુકાદાના સંદર્ભમાં આપણા યુનિવર્સિટીમાં દંત અને તબીબી વિદ્યાશાખામાં પ્રથમ વર્ષની પરીક્ષાના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગે ડેપ્યુટી ડાયરેક્ટર, મેડિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ—૧૬ના તા. ૧૮--૮--૮૮ના પત્રાંક એમ.સી.સી./એ.આઈ.ઈ.ઈ./સ્ટુડન્ટ/યુ.જી./આઈ. ૧૯૮૮ પર વિચારણા કરવા બાબત.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ એમ.બી.,બી.એસ., ફર્સ્ટ બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર મેળવવા માટે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા લેવાયેલ ટેસ્ટ પરીક્ષા પસાર કરી હોય તો આપણી યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયત કરેલ ૧૫ ટકાની મર્યાદામાં નિયમોને આધીન પ્રવેશ માટે પાત્ર ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની ફાઇનલ ડિપ્લોમા ઇન ફાર્મસી પાર્ટ-૨ની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયાનો અભિપ્રાય :

"ફર્સ્ટ બી.એ. માટે પ્રવેશપાત્ર ગણી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના ફાઇનલ ડિપ્લોમા ઇન ફાર્મસી પાર્ટ-૨ની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ન ગણવા અને આ બાબત દફ્તરે કરવી.

૧૩. ભોપાલ યુનિવર્સિટી, ભોપાલનું નવું નામાભિધાન 'બરકતુલ્લાહ વિશ્વવિદ્યાલય', ભોપાલ કરવામાં આવેલ હોઈ રેગ્યુલેશન-૧૫માં જરૂરી સુધારો કર્યાની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૧૪. નાગાર્જુન યુનિવર્સિટી, નાગાર્જુન દ્વારા લેવામાં આવતી ત્રણ વર્ષના અભ્યાસક્રમની બી.એ./બી.કૉમ./બી.એસસી., બી.એસસી. (હોમ સાયન્સ) પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની નીચે જણાવેલ જે તે પદવી પરીક્ષા સમકક્ષ માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૮--૬--૯૦ના પત્રાંક : અનયુ/એકેડે/રેકગ/૮૯—૯૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧. બી.એ.—બી.એ.
૨. બી.કૉમ.—બી.કૉમ.
૩. બી.એસસી.—બી.એસસી.
૪. બી.એસસી. (હોમ સાયન્સ)—બી.એ. (હોમ સાયન્સ).

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત જણાવેલ પરીક્ષાઓ ૧૦+૨ની તરાહમાં જે તે બોર્ડની પરીક્ષા પસાર કરેલ હોય તો આપણી યુનિવર્સિટીની જે તે પરીક્ષા સમકક્ષ ગણવી.

૧૫. આસામ હાયર સેકન્ડરી એજ્યુકેશન કાઉન્સિલની હાયર સેકન્ડરી પરીક્ષાને (૧૦+૨) ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય ગણવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આપણી યુનિવર્સિટી કે અન્ય સંસ્થા દ્વારા લેવામાં આવતી ૧૦+૨ની પેટર્નની પરીક્ષાને હાયર સેકન્ડરી પરીક્ષા ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય ગણીને જે તે અભ્યાસક્રમ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપીએ છીએ.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત પરીક્ષાને ગુજરાત રાજ્યના હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. રાજ્યની યુનિવર્સિટીની ફાઇનલ ડિપ્લોમા ઇન ફાર્મસી પરીક્ષા પાસ કરનારને ફર્સ્ટ બી.એસસી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—આપણી યુનિવર્સિટીની ફાઇનલ ડિપ્લોમા ઇન ફાર્મસી પાસ કરનારને ફર્સ્ટ બી.એસસી. માટે પ્રવેશપાત્ર ગણીએ છીએ.]

આથી ઠરાવવામાં આવે છે કે લાલ પ્રવેશપાત્રતાનાં જે ધોરણો છે તેમાં કોઈ ફેરફાર કરવાનું જરૂરી જણાતું નથી, તે જોતાં બાબત દફ્તરે કરવી.

૧૭. રાજ્યની યુનિવર્સિટીઓ જેવી કે સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ફાર્મ. કે સેકન્ડ બી.ફાર્મ. પરીક્ષા ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવા માટે એટલે કે સેકન્ડ બી.ફાર્મ. અને થર્ડ બી.ફાર્મ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી (એલ. એમ. ફાર્મસી) સી. જે. શિશુનો અભિપ્રાય :

1. Sardar Patel University : First B Pharm & Second B.Pharm course content are not equivalent to that of Gujarat University.
2. As per Government rules no transfer is allowed in first year of technical courses including Pharmacy, Engg. and Medical.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યની યુનિવર્સિટીઓ જેવી કે સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ફાર્મ. કે સેકન્ડ બી.ફાર્મ. પરીક્ષા ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવા માટે એટલે કે સેકન્ડ બી.ફાર્મ. અને થર્ડ બી.ફાર્મ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા નહીં.

૧૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસી પરીક્ષાને આપણી યુનિવર્સિટીના ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ફાર્મસી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

એલ. એમ. ફાર્મસી કૉલેજના, આચાર્યશ્રીનો અભિપ્રાય :

"First year Dip.Pharmacy of Saurashtra University is equivalent to the First year Dip.Pharmacy of Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસી પરીક્ષાને આપણી યુનિવર્સિટીના ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ફાર્મસી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઑકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. અન્નામલય યુનિવર્સિટી, અન્નામલાઈનગરે આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. અને એમ.ફાર્મ. ડિગ્રી પરીક્ષાને પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે તે સંદર્ભમાં તે યુનિવર્સિટીની ઉપરોકત પરીક્ષાઓ માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૧૯--૧૨--૧૯૯૧ના પત્રાંક બી૬/૧૬૪૬૨/૯૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અન્નામલાઈ યુનિવર્સિટી, અન્નામલાઈનગરે આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. અને એમ.ફાર્મ. ડિગ્રી પરીક્ષાઓને પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે તે સંદર્ભમાં તે યુનિવર્સિટીની ઉપરોકત પરીક્ષાઓ પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઑકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. અન્નામલાઈ યુનિવર્સિટી અન્નામલાઈનગર દ્વારા લેવામાં આવતા બી.ફાર્મ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષા તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ પત્રાંક નં. ૧૨૪૨૯/બી૧/૮૮ તા. ૧૧--૩--૧૯૯૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી, એલ. એમ. ફાર્મસી કૉલેજનો અભિપ્રાય :

"May be recommended as equivalent B.Pharm. Degree course on reciprocal basis."

આથી ઠરાવવામાં આવે છે કે અન્નામલાઈ યુનિવર્સિટી, અન્નામલાઈનગર દ્વારા લેવામાં આવતી બી.ફાર્મ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષા તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. એચ. પી. યુનિવર્સિટી, સીમલાની બી.ટેક. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ઈ. પદવી પરીક્ષા તુલ્ય જે તે બ્રાન્ચ તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ પત્રાંક ૩-૩૪/૯૨ એચપીયુ/એકેડેમિક તા. ૧૨--૧--૧૯૯૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આચાર્યશ્રી એમ. એસ. શાહ, એલ. ટી. એન્જિનિયરિંગ કૉલેજનો અભિપ્રાય :

"B.Tech. of Himachal Pradesh University can be consider equivalent to our B.E. (Corresponding Branch) on reciprocal basis."

આથી ઠરાવવામાં આવે છે કે એચ.પી. યુનિવર્સિટી સીમલાની બી.ટેક. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ઈ. પદવી પરીક્ષા તુલ્ય જે તે બ્રાન્ચ તુલ્ય અરસપરસના પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૨. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી એમ.બી.એ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.બી.એ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ પત્રાંક એડીએમએસ/બી-૧૧૧/૪૪/૯૧/૯૧૮, તા. ૧૧/૧૮--૭--૧૯૯૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વાર લેવામાં આવતી એમ.બી.એ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.બી.એ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૩. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી નીચે જણાવેલ બેચલર ડિગ્રી પ્રોગ્રામ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીના જે તે સ્નાતક પદવી પરીક્ષા સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે સદરહુ યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૯--૯--૧૯૯૩ના પત્રાંક વીસી/૧૨૫૨ પર વિચારણા કરવા બાબત.

ઉપરોકત સંસ્થા દ્વારા જે ૧૯૯૩ની હેન્ડબુક આવેલ છે તેમાં પ્રવેશ અંગેની તથા અન્ય માહિતી જે આપેલ છે તેનું તારણ નીચે પ્રમાણે કરેલ છે :

(૧) બી.એ., (૨) બી.કોમ. અને (૩) બી.એસસી. તથા (૪) બેચલર ઓફ લાઈબ્રેરી ઓન્ડ ઈન્ફર્મેશન સાયન્સ.

૧. બી.એ., બી.એસસી. અને બી.કોમ.ના વર્ગમાં પ્રવેશ અંગે ૧૦+૨ની પરીક્ષા પાસ કરનારને પ્રવેશપાત્ર ગણે છે.

૨. વિદ્યાર્થીની ઉંમર ૨૦ વર્ષની હોવી જોઈએ.

૩. **Bech. of Library & Information Science**માં પ્રવેશ અંગે પદવી પરીક્ષાનો ૨ વર્ષનો સંબંધકર્તા અનુભવ જોઈએ.

૪. એમ.બી.એ.ના વર્ગમાં પ્રવેશ અંગેના લઘુતમ લાયકાત પદવી પરીક્ષા પાસ+૩ વર્ષનો સુપરવાઈઝર (મેનેજરિયલ) અનુભવ હોવો જોઈએ અને વયમર્યાદા ૨૫ વર્ષ જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્દિરા ગાંધી નેશનલ યુનિવર્સિટી, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી નીચે જણાવેલ બેચલર ડિગ્રી પ્રોગ્રામ પરીક્ષાઓ ૧૦+૨ની તરાહમાં ઉત્તીર્ણ કરી હોય અને જે તે સ્નાતક પદવી પરીક્ષાઓ માન્ય હોય તે સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઑકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

૧. બી.એ.—બી.એ.
૨. બી.કોમ.—બી.કોમ.
૩. બી.એસસી.—બી.એસસી.
૪. બેચલર ઓફ લાયબ્રેરી સાયન્સ ઓન્ડ ઈન્ફ.—બી.લિબ.

૨૪. ધ ગાંધીગ્રામ રૂરલ ઈન્સ્ટિટ્યૂટ, ગાંધીગ્રામની એમ.એ., એમ.ફિલ., એમ.એસસી., બી.એ. તથા બી.એસસી. પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૬--૬--૧૯૯૦ના પત્રાંક ૧૧૫/એસી૩/૯૦—૯૧ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—તે યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા. ૨૮--૧૧--૯૦ની સભામાં ઉપરોકત પરીક્ષાઓને ભારતની યુનિવર્સિટીઓના જે તે અભ્યાસક્રમ મુજબ અરસપરસના ધોરણે માન્ય કરેલ છે.

Diploma Course and Certificate Courseની પરીક્ષાઓ આપણે લેતા નથી તેથી માન્યતાનો પ્રશ્ન રહેતો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીગ્રામ રૂરલ ઈન્સ્ટિટ્યૂટ, ગાંધીગ્રામના એમ.એ., એમ.ફિલ., એમ.એસસી., બી.એ. તથા બી.એસસી. પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે સદરહુ સંસ્થા પાસેથી પ્રવેશ સામેની લઘુતમ લાયકાત, અભ્યાસક્રમનું માળખું તથા ઑફર ઈત્યાદિ અંગેની માહિતી મંગાવી તે બાદ વિચારણા માટે આ સભા સમક્ષ રજૂ કરવાનું રાખ્યું.

૨૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા લેવામાં આવતા 'બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન' ના ત્રણ વર્ષના અભ્યાસક્રમની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.કોમ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ પત્રાંક ઑકે/સેલ/સમક્ષ-૩૫૫૯/૮૯, તા. ૩૦--૮--૧૯૮૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના માજી અધ્યક્ષશ્રી આર. એચ. ત્રાસનો અભિપ્રાય :

"ગુજરાત યુનિવર્સિટીમાં બી.બી.એ.નો અભ્યાસક્રમ છે નહીં, બી.બી.એ. વાણિજ્ય વિદ્યાશાખાના વિશિષ્ટ અભ્યાસક્રમ તરીકે આવે છે. તેથી ગુજરાત યુનિવર્સિટીમાં આ ડિગ્રીની સમકક્ષતા ફક્ત બી.કોમ. સાથે જ આપી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા લેવામાં આવતી બૅચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના ત્રણ વર્ષના અભ્યાસની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.કોમ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક-કમ્પલગ્નરી માન્ય કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. ગૌહતી યુનિવર્સિટી, ગૌહતીએ ૧૦+૨+૩ની પ્રથા દાખલ કરેલ છે અને તે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી કેટલીક નીચે જણાવેલ પરીક્ષાઓને અરસપરસના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૮--૧૧--૧૯૮૭ના પત્રાંક જા/એક્સવીઆઈ/આરડીઈ/૨/૮૭/૧૦૨૦૭/૩૦૭ પર વિચારણા કરવા બાબત :

1. P.U. Arts (Two-year course)	= Hr. Secondary Examination of Gujarat State
2. B.A.	= B.A.
3. M.A.	= M.A.
4. P.U. Science (Two-year course)	= Hr. Secondary Exam. of Gujarat State
5. B.Sc.	= B.Sc.
6. M.Sc.	= M.Sc.
7. P.U. Comm (Two-year course)	= Hr. Scondary Exam.
8. B.Com.	= B.Com.
9. M.Com.	= M.Com.
10. M.B.A.	= M.B.A.
11. LL.B.	= LL.B.
12. LL.M.	= LL.M.
13. B.E. (M.E. Chem. & Elect)	= B.E. (C.M.E. Chem & Elect)
14. M.E.	= M.E.
૧૫. એમ.બી.,બી.એસ.	—એમ.બી.,બી.એસ.
૧૬. બી.ડી.એસ.	—બી.ડી.એસ.
૧૭. બી.એસસી. (નર્સિંગ)	—બી.એસસી. (નર્સિંગ)
૧૮. બી.એડ. (બી.ટી.)	—બી.એડ.
૧૯. બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ	—બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ
૨૦. માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ	—માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ.

આ ઉપરાંત મેડિકલ ફેકલ્ટીની એમ.ડી., એમ.એસ.,એમ.ઓ., પીએચ.ડી. વગેરે પરીક્ષાઓ લે છે. તેની માન્યતા માટે પ્રશ્ન રહેતો નથી.

બીજી જે પરીક્ષાઓ છે તે આપણે કન્ડક્ટ કરતા નથી, તેથી માન્યતાનો પ્રશ્ન રહેતો નથી—
—બી.એ.એમ.એસ. અને ડિપ્લોમા સર્ટિફિકેટ કોર્સ.

આથી ઠરાવવામાં આવે છે કે ગૌહતી યુનિવર્સિટી, ગૌહત્તીએ ૧૦+૨+૩ની તરાહ દાખલ કરેલ છે અને તે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી નીચે બતાવેલ પરીક્ષાઓને આસપાસના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરતી :

1. P.U. Arts (Two-year course)	= Hr. Secondary Examination of Gujarate State
2. B.A.	= B.A.
3. M.A.	= M.A.
4. P.U. Science (Two-year course)	= Hr. Secondary Examination of Gujarat State
5. B.Sc.	= B.Sc.
6. M.Sc.	= M.Sc.
7. P.U. Comm. (Two-year course)	= Hr. Secondary Examination
8. B.Com.	= B.Com.
9. M.Com	= M.Com.
10. M.B.A.	= M.B.A.
11. LL.B.	= LL.B.
12. LL.M.	= LL.M.
13. B.E. (Mech., Chem & Elect)	= B.E. (C.M.E. Chem. & Elect)
14. M.E.	M.E.
૧૫. એમ.બી.,બી.એસ.	—એમ.બી.,બી.એસ.
૧૬. બી.ડી.એસ.	બી.ડી.એસ.
૧૭. બી.એસસી. (નર્સિંગ)	બી.એસસી. (નર્સિંગ)
૧૮. બી.એડ. (બી.ટી.)	બી.એડ.
૧૯. બેચલર ઓફ લાઈબ્રેરી સાયન્સ એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ	બેચલર ઓફ લાઈબ્રેરી સાયન્સ એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ
૨૦. માસ્ટર ઓફ લાઇબ્રેરી સાયન્સ એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ	માસ્ટર ઓફ લાઇબ્રેરી સાયન્સ એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ

૨૭. આંધ્ર યુનિવર્સિટી, વોલ્ટેર દ્વારા લેવામાં આવતી "બૅચલર ઑફ કોર્સ ઇન જર્નાલિઝમ (પત્રકારત્વ) અને (માસ કૉમ્યુનિકેશન)ની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બૅચલર ઑફ કૉમ્યુનિકેશન જર્નાલિઝમ ઍન્ડ પબ્લિક રિલેશન (બી.સી.જે.પી.) પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૫--૮--૧૯૮૮ના પત્રાંક એચ.જી.(રેકગ)૮૮ પર વિચારણા કરવા બાબત.

શ્રી. રઘુવીર ચૌધરીનો અભિપ્રાય :

'આંધ્ર યુનિવર્સિટીનો પત્રકારત્વ અને માસ કૉમ્યુનિકેશનનો અભ્યાસક્રમ આપણા બૅચલર ઑફ કૉમ્યુનિકેશન, જર્નાલિઝમ ઍન્ડ પબ્લિક રિલેશન (બી.સી.જે.પી.) અભ્યાસક્રમની સમકક્ષ ગણી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે આંધ્ર યુનિવર્સિટી વોલ્ટેર દ્વારા લેવામાં આવતી બૅચલર ઑફ કોર્સ ઇન જર્નાલિઝમ (પત્રકારત્વ) (માસ કૉમ્યુનિકેશન)ની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બૅચલર ઑફ કૉમ્યુનિકેશન જર્નાલિઝમ ઍન્ડ પબ્લિક રિલેશન (બી.સી.જે.પી.) પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૮. Institute of Rural Management, Anand દ્વારા લવામાં આવતી Two-year Post-graduate Programme in Rural Managementની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૮--૭--૧૯૮૯ના પત્રાંક સીડીઈ/૩૬૫/૭/૧૬૫ પર વિચારણા કરવા બાબત.

પ્રો. વિમલભાઈ શાહનો અભિપ્રાય :

"ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મૅનેજમેન્ટ, આણંદના બે વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમને આપણી યુનિવર્સિટીની એમ.બી.એ.ની પદવીની સમકક્ષ માન્ય ગણવા માટે હું ભલામણ કરું છું."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મૅનેજમેન્ટ, આણંદ દ્વારા લેવામાં આવતી Two-year Post-graduate Pragramme in Rural Management પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.બી.એ.ની અનુસ્નાતક પદવી તુલ્ય ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૯. દયાલબાગ એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ, દયાલબાગ, આગ્રા દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા તે સંસ્થા તરફથી આવેલ પત્ર ડીઓ નં. ૬૭/એન/પી/એસીડી-૬/૩૬૮૪, તા. ૧૬--૧૨-૧૯૮૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

1. M.Sc. (Physics, Chemistry & Maths) = M.Sc.
2. M.A. (Sanskrit, Drawing, Painting) = M.A.
3. One-year Post-graduate Diploma in Computer Science and Application.

આથી ઠરાવવામાં આવે છે કે દયાલબાગ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ, દયાલબાગ, આગ્રા દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઉપરોકત સંસ્થા દ્વારા કરવામાં આવેલ વિનંતી સ્વીકારવી નહિ :

૧. એમ.એસસી. (ફિઝિકસ, કેમિસ્ટ્રી અને ગણિત)—એમ.એસસી.
૨. એમ.એ. (સંસ્કૃત—ડોઈંગ—પેઈન્ટિંગ)—એમ.એ.
૩. One year P.G. Diploma in Computer Science and Application.

૩૦. અમરાવતી યુનિવર્સિટી, અમરાવતી દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૨૫--૧૧--૧૯૮૭ના પત્રાંક એન-ઇ-રેકગ-૧૨૩૬-૧૯૮૭-૦૧૧૫૮૭ પર વિચારણા કરવા બાબત :

Gujarat University Ahmedabad	Corresponding Exam./Degree of Amravati University
B.A , B.Sc., B.Com.	B.A., B.Sc., B.Com.
M.A., M.Sc., M.Com.	M.A., M.Sc., M.Com.
B.Ed., M.Ed.	B.Ed. M.Ed.
LL.B. three--year Course	LL.B. three-year Course
B.Lib. Science	B.Lib. Science
B.E.	B.E.

આથી ઠરાવવામાં આવે છે કે અમરાવતી યુનિવર્સિટી, અમરાવતી દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Gujarat University Ahmedabad	Corresponding Exam./Degree of Amravati University
B.A., B.Sc., B.Com.	B.A., B.Sc., B.Com.
M.A., M.Sc., M.Com.	M.A., M.Sc., M.Com.
B.Ed., M.Ed.	B.Ed., M.Ed.
LL.B. three-year Course	LL.B. three-year Course
B.Lib. Science	B.Lib. Science
B.E.	B.E.

૩૧. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદ્રાબાદની બી.એ,, બી.કૉમ., એમ.એ., એમ.કૉમ.(એક્સ્ટર્નલ) પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષાઓ તુલ્ય અસ્સપરસના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તારીખ ૧૮--૧--૧૯૯૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદ્રાબાદની બી.એ., બી.કૉમ., એમ.એ., એમ.કૉમ., (એક્સટર્નલ) પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પદવી પરીક્ષાઓ તુલ્ય અસ્સપરસના ધોરણે માન્ય કરવા અંગે સદરહુ યુનિવર્સિટી પાસેથી પ્રવેશ અંગેની લઘુતમ લાયકાત તથા અભ્યાસક્રમનું માળખું ઇત્યાદિ અંગેની માહિતી મંગાવ્યા બાદ વિચારણા માટે રજૂ કરવી.

૩૨. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી હિંદી સેવક વિકાસ (હિંદી સ્નાતક) પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.એ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી હિંદી સેવક વિકાસ (હિંદી સ્નાતક) પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.એ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગેની વિનંતી સ્વીકારી શકાય નહિ, તેમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૩. ગઢવાલ યુનિવર્સિટી, શ્રીનગરે ૧૦+૨+૩ની પેટર્ન ઑફ એજ્યુકેશનની પ્રથા શૈક્ષણિક વર્ષ ૧૯૮૭–૮૮થી અમલમાં મૂકેલ હોઈ તે યુનિવર્સિટીના ફર્સ્ટ ઈયર ઑફ થ્રી ઈયર ડિગ્રી કોર્સ ઈન આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ તથા ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પદવી પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૨૨--૩--૧૯૮૮ના પત્રાંક યુસીજી/એસીએડી/૮૮/૫૦ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.–આપણે ઈક્વિવેલેન્સ સમિતિમાં ઠરાવ કરેલ છે કે ભારતની સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓની તમામ પદવી પરીક્ષાઓ માન્ય કરવી. (ઈક્વિ ૧--૬--૭૭, બાબત ક્રમાંક-૧૬.]

B.A. Part–I, B.Sc. Part-I, B.Com. Part-I

B.A., B.Com., B.Sc.

M.Sc., M.Com., M.Ed., LL.B.

આથી ઠરાવવામાં આવે છે કે ગઢવાલ યુનિવર્સિટી, શ્રીનગરે ૧૦+૨+૩ના પેટર્ન ઑફ એજ્યુકેશનની પ્રથા શૈક્ષણિક વર્ષ ૧૯૮૭–૮૮થી અમલમાં મૂકેલ હોય તે યુનિવર્સિટીના ફર્સ્ટ ઈયર ઑફ થ્રી ઈયર ડિગ્રી કોર્સ ઈન આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ તથા ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પદવી પરીક્ષાઓને માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી સીનિયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ કંપાર્ટમેન્ટ (Compartment) મેળવ્યું હોય અને તે જ શૈક્ષણિક વર્ષમાં તે પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેવા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં કાયમી ધોરણે જ તે અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી સીનિયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ કંપાર્ટમેન્ટ (Compartment) મેળવ્યું હોય અને તે જ શૈક્ષણિક વર્ષમાં તે પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેવા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં કાયમી ધોરણે જે તે અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા અંગેની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી તેમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. આ સાથેની યાદીમાં જણાવેલ કુલ ૫૪ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસક્રમ માટે તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણીને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

(૫૪ વિદ્યાર્થીઓની યાદી **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૩૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

કોડાઈકેનાલ ઇન્ટરનેશનલ સ્કૂલ, કોડાઈકેનાલ, તામિલનાડુની ડિપ્લોમા ઑફ હાઇસ્કૂલ ગ્રેજ્યુએશન પરીક્ષા પસાર કરી આવનાર વિદ્યાર્થીશ્રી શાહ મૌસમી કમલેશને ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગ માટે કામચલાઉ પ્રવેશપાત્ર સર્ટિફિકેટ આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

૩૭. રાષ્ટ્રીય ઓપન સ્કૂલ, દિલ્હીની સીનિયર સેકન્ડરી સ્કૂલ પરીક્ષા પસાર કરી આવનાર નીચેના વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગ માટે કામચલાઉ પ્રવેશપાત્ર સર્ટિફિકેટ આપ્યાના :

૧. પરમાનંદ પાનીચાડા ફર્સ્ટ બી.એ. એલિ. નંબર ૩૫૭૩ / તા. ૧--૯--૧૯૯૩

૨. નાહદ હોતમા રીઝવી ફર્સ્ટ બી.એ. એલિ. નંબર ૨૪૧૪ / તા. ૨૦--૭--૧૯૯૩

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બી. એલ. જડાવાલા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ 'અ'

એડહોક વિદ્યાર્થીઓની યાદી : ૧૯૯૩–૯૪

ક્રમ	વિદ્યાર્થીનું નામ	યુનિવર્સિટી અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય એનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી કાઢી આપ્યું તે
૧	૨	૩	૪
૧.	જાની સિમાંશુ પી.	એમ.સી.એ. ૩, સેકન્ડ સેમેસ્ટર પાસ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર	એમ.સી.એ. થર્ડ સેમેસ્ટર
૨.	ગુપ્તા મોનિકા	ફર્સ્ટ બી.એ., પંજાબી યુનિવર્સિટી	સેકન્ડ બી.એ.
૩.	રાજીવચંદ્ર માથુર	ફર્સ્ટ એલએલ.બી., રાજસ્થાન યુનિવર્સિટી, અજમેર	સેકન્ડ એલએલ.બી.
૪.	પી.જી. વિજયા શેરીચંદ	પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મૅનેજમેન્ટ, અમદાવાદ (એગ્રિકલ્ચર)	પીએચ.ડી. (એજ્યુકેશન)
૫.	ભટ્ટ જિગીષુ પદ્મનાભ	સેકન્ડ બી.ફાર્મ., એસ. પી. યુનિવર્સિટી	થર્ડ બી.ફાર્મ.
૬.	સવિતા વંદના આર.સી. સવિતા	બી.એસસી. પાર્ટ-૧ પાસ, બરકતુલ્લાહ વિશ્વવિદ્યાલય, ભોપાલ	સેકન્ડ બી.એસસી.
૭.	અબુબકર મહુદી કાસીમ મહુદી	જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ એક્ઝામ પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, યુનાઈટેડ આરબ-અમીરાત	ફર્સ્ટ બી.એસસી.
૮.	શ્રેષ્ઠા શ્યામકુમારી હરિક્રિષ્ણા	પ્રોફેશિયન્સી સર્ટિફિકેટ પરીક્ષા પાસ, ત્રિભુવન યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ
૯.	તામીરટ ટિગાબુ મેશેપા	ઈથોપિયા સ્કૂલ લીવિંગ પરીક્ષા પાસ, એડીસ અબાબા યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ
૧૦.	પુન કાન્તાદેવી શ્યામબહાદુર	પ્રોફેશિયન્સ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, ત્રિભુવન યુનિવર્સિટી, ખટમંડુ	ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ
૧૧.	ગીરી ચમલ શારા	પ્રોફેશિયન્સ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, ત્રિભુવન યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ

૧	૨	૩	૪
૧૨.	નાગપાલ રાજકુમારી વાસુદેવ	હાયર સેકન્ડરી એજ્યુકેશન પરીક્ષા પાસ, બોર્ડ ઓફ ઇન્ટરમીડિયેટ ઍન્ડ સેકન્ડરી એજ્યુકેશન (સુકકુર સિંદ)	ફર્સ્ટ બી.એસસી. ('બી' ગ્રુપ)
૧૩.	કિશોરકુમાર વાસુદેવ	હાયર સેકન્ડરી પરીક્ષા પાસ, ઇન્ટરમીડિયેટ ઍન્ડ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, સુકકુર સિંદ	ફર્સ્ટ બી.એસસી.
૧૪.	પટેલ જયેશ કાંતિલાલ	ધો. ૧૨ની ડિપ્લોમા પરીક્ષા પાસ, ધ ન્યૂ જર્સી સિટી પબ્લિક સ્કૂલ, ન્યૂ જર્સી	ફર્સ્ટ બી.એ.
૧૫.	બિયર આદમ ખલિફા	ધ સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, સુદાન	ફર્સ્ટ બી.એ.
૧૬.	પરમાનંદ ખાતીવાલા	નેશનલ ઓપન સ્કૂલ, દિલ્હીની સીનિયર સેકન્ડરી સ્કૂલ પરીક્ષા પાસ	ફર્સ્ટ બી.એ.
૧૭.	જાજુ શાલિની જાજુ	બી.એસસી. પાર્ટ ૧ પરીક્ષા પાસ, જયનારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર	સેકન્ડ બી.એસસી.
૧૮.	પટેલ જિગીશ રમણલાલ	ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષા પાસ, દિલ્હી યુનિવર્સિટી	સેકન્ડ બી.કૉમ.
૧૯.	શિશિર અગ્રવાલ	ફર્સ્ટ એલએલ.બી. પરીક્ષા પાસ, સોલિલ ઍન્ડ યુનિ.	સેકન્ડ એલએલ.બી.
૨૦.	સિંઘ મનોજકુમાર	બી.એસસી. પાર્ટ ૨ની પરીક્ષા પાસ, અવધેશ પ્રતાપસિંહ વિશ્વવિદ્યાલય, રીવા	થર્ડ બી.એસસી. (શરતી)
૨૧.	મોનિકા અનિલ શાહ	ડિપ્લોમા પરીક્ષા પાસ, ટેરી પાર્કર સીનિયર હાઈસ્કૂલ	ફર્સ્ટ બી.એ.
૨૨.	પરીખ સોનાલી જયંતીલાલ	માઉન ટાઉનશિપ હાઈસ્કૂલ, ૨૦૭	ફર્સ્ટ બી.એસસી.
૨૩.	બેન કલ્પના શ્રી. વસંતલાલ	ફીજી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, ફીજી	ફર્સ્ટ બી.એસસી.
૨૪.	થરીયાની પ્રીતિ કિશનચંદ	બી.એસસી. પાર્ટ ૧, ઓટોનોમસ ગવર્નમેન્ટ કોલેજ, અજમેર યુનિવર્સિટી, અજમેર	સેકન્ડ બી.એસસી.
૨૫.	પાલ અનુપકુમાર	બી.એસસી. પાર્ટ-૧ (બે વર્ષનો કોર્સ) યુનિવર્સિટી ઓફ કલકત્તામાંથી	થર્ડ બી.એસસી. (શરતી)
૨૬.	આંબોરકર સંજય અશોક	ફાઇનલ બી.એસસી. ચાર વર્ષ એગ્રિકલ્ચર પરીક્ષા પાસ, પંજાબરાવ કૃષિ વિદ્યાપીઠ	એમ.એસસી. ૧
૨૭.	અગ્રવાલ પૂનમ દીનદયાળ	બી.કૉમ. પાર્ટ ૧ પરીક્ષા પાસ, રાજસ્થાન યુનિવર્સિટી	સેકન્ડ બી.કૉમ. (શરતી)
૨૮.	ભાન્શાલી શુભા સુરેશ	બી.કૉમ પાર્ટ ૧ પરીક્ષા પાસ, જયનારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર	સેકન્ડ બી.કૉમ. (શરતી)

૧	૨	૩	૪
૨૯.	પટેલ ભામિની	પૂર્વાંચલ યુનિવર્સિટીની બી.એ. તૃતીય વર્ષની પરીક્ષા પાસ	એમ.એ. ૧
૩૦.	ઉષાશ્રી સાનાગાવરપુ	બી.કૉમ. પાર્ટ ૧, આંધ્ર યુનિવર્સિટી	સેકન્ડ બી.કૉમ.
૩૧.	ઈબ્રાહીમ મહંમદ અલગફારી	જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન રીપબ્લિક ઑફ યેમેની	ફર્સ્ટ બી.કૉમ.
૩૨.	ત્રિરુક અસમેલાશ હડગુ	ઈથોપિયા સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ઈથોપિયા	ફર્સ્ટ બી.એ.
૩૩.	સીમા આનંદ રામપ્રકાશ	બી.કૉમ. પાર્ટ ૧ પાસ, કુરુક્ષેત્ર યુનિ., કુરુક્ષેત્ર	સેકન્ડ બી.કૉમ.
૩૪.	અબ્દુલરહીમ એમ. કેમલ	ઈથોપિયા સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ઈથોપિયા	ફર્સ્ટ બી.એસસી.
૩૫.	જ્યોથી જયનારાયણ	ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષા પાસ, ઓસમાનિયા યુનિવર્સિટી, હૈદ્રાબાદ	સેકન્ડ બી.કૉમ.
૩૬.	જિન્ડાલ સુરેન્દ્રકુમાર	બી.કૉમ. પાર્ટ ૨ પરીક્ષા, મહર્ષિ દયાનંદ સરસ્વતી યુનિવર્સિટી, અજમેર	થર્ડ બી.કૉમ.
૩૭.	જાની રાજીવ હરેન્દ્ર	બી.કૉમ. પાર્ટ ૧, નાગપુર યુનિવર્સિટી, નાગપુર	સેકન્ડ બી.કૉમ.
૩૮.	એસ. રવિશંકર	બી.કૉમ. પાર્ટ ૧ પાસ, ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદ્રાબાદ	સેકન્ડ બી.કૉમ.
૩૯.	અમદી મોહમંદ ડફિલો એચ.	મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ઈથોપિયા, ઈથોપિયન સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા પાસ	ફર્સ્ટ બી.એ.
૪૦.	બાન્થિયા આદિત્ય	ડિપ્લોમા પરીક્ષા પાસ ઈન્ટરનેશનલ સ્કૂલ, મનીલા	ફર્સ્ટ બી.એ.
૪૧.	પટેલ સંદીપ બી.	પ્રી. યુનિ. પરીક્ષા પાસ (કૉમર્સ ઑકાઉન્ટન્સી, મેથ્સ) પ્રિ. એજ્યુકેશન બોર્ડ, બૅંગ્લોર	ફર્સ્ટ બી.કૉમ.
૪૨.	પટેલ શકુંતલા શિવાભાઈ	સેકન્ડ બી.કૉમ. પરીક્ષા પાસ, આંધ્ર યુનિવર્સિટી,	થર્ડ બી.કૉમ. (શરતી)
૪૩.	હરિવલ્લભદાસ દીપિકા રાજન	ડિપ્લોમા ઑફ હાઈસ્કૂલ એજ્યુકેશન પરીક્ષા પાસ, કોડાઈકેનાલ ઈન્ટરનેશનલ સ્કૂલ, તામીલનાડુ	ફર્સ્ટ બી.કૉમ.
૪૪.	ચૌધરી પુરાણ રાજન	ડિપ્લોમા ઑફ હાઈસ્કૂલ ગ્રેજ્યુએટ પરીક્ષા પાસ, કોડાઈકેનાલ ઈન્ટરનેશનલ સ્કૂલ, તામીલનાડુ	ફર્સ્ટ બી.એસસી. ('એ' ગ્રુપ)
૪૫.	અન્સારી સુન્દરદાસ	સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પાર્ટ ૧ અને ૨, બોર્ડ ઑફ ઈન્ટરમીડિયેટ ઍન્ડ સેકન્ડરી એજ્યુકેશન, હૈદ્રાબાદ સિંદ	ફર્સ્ટ બી.એસસી.

૧	૨	૩	૪
૪૬.	એમ. કરુણાનિધિ	બી.ફાર્મ. પરીક્ષા પાસ, ધ તામીલનાડુ ડૉ. એમ. જી. આર. મેડિકલ યુનિવર્સિટી	એમ.ફાર્મ.
૪૭.	માહેમલ અબ્દેલ મુનીમ બી.આઈ.	જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, યુનાઈટેડ આરબ-અમીરાત	ફર્સ્ટ બી.એ.
૪૮.	તારીગ અલસાથેર ખીદીર	ધ સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઑફ સુદાન	ફર્સ્ટ બી.એસસી.
૪૯.	કમલેશકુમાર	ઈન્ટરમીડિયેટ સાયન્સ પાર્ટ ૧, ૨, બોર્ડ ઑફ ઈન્ટરમીડિયેટ એજ્યુકેશન, કરાંચી	ફર્સ્ટ બી.એસસી.
૫૦.	માઝ ઓસ્માન મોહંમદ	મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ઈજિપ્તની જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ પરીક્ષા પાસ	ફર્સ્ટ બી.એસસી.
૫૧.	મહમદ મોહમદ ઈસમાઈલ મારહેક	ધ સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, સુદાન	ફર્સ્ટ બી.એ.
૫૨.	અબુબકેર રાહુમા બાબીકેર	ધ સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પાસ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, સુદાન	ફર્સ્ટ બી.એસસી.
૫૩.	એ. પી. સુથાર	ઈન્સ્ટિટ્યુશન ઑફ ઈલેકટ્રોનિકસ ઍન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સ, ન્યૂ દિલ્હી	એમ.બી.એ.
૫૪.	શીલ વરુણ ડૉ. એસ. પી. શીલ	રુરકી યુનિવર્સિટીમાંથી એમ.એસસી.-૨ પાસ કર્યા પછી પી.આર.એલ.માં એક વર્ષનો પોસ્ટ એમ.એસસી.નો કોર્સ પાસ	પીએચ.ડી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૦

નવી કૉલેજ માટેની જરૂરિયાત અંગેની સમિતિનો હેવાલ

(અ) પાદરા તાલુકા વિકાસ મંડળ, પાદરા તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. આ વિસ્તારની જુદી જુદી શાળાઓની ૧૨મા ધોરણની વિદ્યાર્થી સંખ્યા અને આસપાસની કૉલેજોમાં વધુ વિદ્યાર્થીઓને સમાવવાની મુશ્કેલી જોતાં સદરહુ સંસ્થાને વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત નીડ-તપાસસમિતિને જણાય છે, તદુપરાંત આ સંસ્થા પાસે પૂરતી ભૌતિક સગવડો પણ ઉપલબ્ધ હોઈ વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજનું જોડાણ આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(અ) કોઠંબા વિભાગ નાગરિક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, કોઠંબા, જિ. પંચમહાલ તરફથી જૂન, ૧૯૯૪થી, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. આ વિસ્તારની જુદી જુદી શાળાઓની ૧૨મા ધોરણની વિદ્યાર્થી-સંખ્યા અને આસપાસની કૉલેજોમાં વધુ વિદ્યાર્થીઓને સમાવવાની મુશ્કેલી જોતાં સદરહુ સંસ્થાને વિનયન અને વાણિજ્ય કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત નીડ-તપાસસમિતિને જણાય છે. તદુપરાંત આ સંસ્થા પાસે પૂરતી ભૌતિક સગવડો પણ ઉપલબ્ધ હોઈ ફક્ત વિનયન વિદ્યાશાખાની કૉલેજનું જોડાણ આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(અ) અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. આ વિસ્તારની જુદી જુદી શાળાઓની ૧૨મા ધોરણની વિદ્યાર્થી-સંખ્યા અને આસપાસની કૉલેજોમાં વધુ વિદ્યાર્થીઓને સમાવવાની મુશ્કેલી જોતાં સદરહુ સંસ્થાને મહિલાઓ માટેની વિનયન વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત નીડ-તપાસસમિતિને જણાય છે. તદુપરાંત આ સંસ્થા પાસે પૂરતી ભૌતિક સગવડો પણ ઉપલબ્ધ હોઈ મહિલાઓ માટેની વિનયન વિદ્યાશાખાની કૉલેજનું જોડાણ આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(અ) આંકલાવ કેળવણી મંડળ, આંકલાવ, જિ. ખેડા તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. આ વિસ્તારની જુદી જુદી શાળાઓની ૧૨મા ધોરણની વિદ્યાર્થી-સંખ્યા અને આસપાસની કૉલેજોમાં વધુ વિદ્યાર્થીઓને સમાવવાની મુશ્કેલી જોતાં સદરહુ સંસ્થાને ફકત વિનયન વિદ્યાશાખાની જરૂરિયાત નીડ-તપાસસમિતિને જણાય છે. તદુપરાંત આ સંસ્થા પાસે પૂરતી ભૌતિક સગવડો પણ ઉપલબ્ધ હોઈ વિનયન વિદ્યાશાખાની કૉલેજનું જોડાણ આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(અ) આવળા કેળવણી મંડળ, આવળા, જિ. અમદાવાદ તરફથી જૂન ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. આ વિસ્તારની જુદી જુદી શાળાઓની ૧૨મા ધોરણની વિદ્યાર્થી-સંખ્યા અને આસપાસની કૉલેજોમાં વધુ વિદ્યાર્થીઓને સમાવવાની મુશ્કેલી જોતાં સદરહુ સંસ્થાને વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત નીડ-તપાસસમિતિને જણાય છે. તદુપરાંત આ સંસ્થા પાસે પૂરતી ભૌતિક સગવડો પણ ઉપલબ્ધ હોઈ વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજનું જોડાણ આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(બ) પંચમહાલ જિલ્લા યુવક મંડળ, ધારાપુર તરફથી જૂ.ા. ૧૯૯૪થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. યુનિવર્સિટીએ સૂચવ્યા મુજબ અને સંસ્થાએ તેમની પાસેની નાણાકીય સજ્જતાઈ અને ક્ષમતાની ખાતરી નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટીને કરાવેલ ન હોઈ આ સંસ્થાની અરજી પરત્વે કોઈ વિચારણા કરવાની રહેતી નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(બ) એચ. પી. ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. નીડ-તપાસસમિતિએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધા બાદ જણાવેલ કે સંસ્થા પાસે ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ અને અન્ય પરિસ્થિતિ જોતાં વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ માટે જૂન, ૧૯૯૪થી મંજૂરી આપવાની જરૂરિયાત જણાતી નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રિ. એન. આર. શાહ

(બ) સર્વોદય હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, શહેરા, જિ. પંચમહાલ તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. સંસ્થાએ કરેલી અરજીના સંદર્ભમાં પ્રાથમિક વિગતોની ચકાસણી અર્થે સંસ્થાના પ્રતિનિધિઓને યુનિવર્સિટી ખાતે તા. ૧૩--૭--૧૯૯૩ના રોજ રૂબરૂ બોલાવવામાં આવેલા હતા, પરંતુ તેઓ હાજર ન રહેતાં આ સંસ્થાની દરખાસ્ત ઉપર કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(અ) અખિલ ગુજરાત આદિવાસી ગ્રામ્ય વિકાસ પરિષદ, ગરવાડા, જિ. પંચમહાલ ખાતે જૂન, ૧૯૯૪થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી આવી હતી. નીડ-તપાસસમિતિએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી. બાદ જણાયેલ કે સંસ્થા પાસે ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ અને અન્ય પરિસ્થિતિ જોતાં વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ માટે જૂન, ૧૯૯૪થી મંજૂરી આપવાની જરૂરિયાત જણાતી નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

(બ) સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર તરફથી જૂન, ૧૯૯૪થી વિનયન વિદ્યાશાખાની કૉલેજમાં વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજ પણ જૂન, ૧૯૯૪થી શરૂ કરવા માટે અરજી આવી હતી. આસપાસના વિસ્તારની કૉલેજોમાં વાણિજ્ય વિદ્યાશાખામાં વધુ વિદ્યાર્થીઓની પ્રવેશક્ષમતા ઉપલબ્ધ હોઈ કાંકણપુર ખાતે વાણિજ્ય વિદ્યાશાખાની જરૂરિયાત આ સમિતિ સ્વીકારતી નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી. એન. આર. શાહ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૧૬—૬—૧૯૯૪ના રોજ બપોરે ૧૨—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬—૬—૧૯૯૪
૧.	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રો. વાય. કે. અમવાત	હાજર
૪.	પ્રો. એસ. બી. વોરા	હાજર
૫.	પ્રિ. એન. વી. રાવલ	હાજર
૬.	પ્રિ. વી. એચ. દીક્ષિત	હાજર
૭.	ડૉ. કેતનભાઈ ડી. દેસાઈ	હાજર
૮.	પ્રિ. એમ. વી. છાણવિયા	હાજર
૯.	પ્રો. વી. પી. ભારદ્વાજ	ગેરહાજર
૧૦.	પ્રો. એલ. વી. જોષી	હાજર
૧૧.	પ્રો. ધવલ મહેતા	ગેરહાજર
૧૨.	પ્રો. યુ. એમ. રાવલ	હાજર
૧૩.	પ્રો. બી. એમ. શુકલ	હાજર
૧૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૫.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૧૬.	ડૉ. એસ. જી. શાહ	હાજર
૧૭.	ડૉ. બી. એસ. પટેલ	હાજર
૧૮.	પ્રિ. આર. ડી. દવે	ગેરહાજર
૧૯.	પ્રો. પી. સી. પરીખ	હાજર
૨૦.	પ્રો. એ. આર. શાહ	હાજર
૨૧.	શ્રીમતી નીતાબહેન એસ. શાહ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬–૬–૧૯૯૪
૨૨.	પ્રિ. યુ. બી. પાઠક	ગેરહાજર
૨૩.	પ્રિ. એન. વી. પંડ્યા	ગેરહાજર
૨૪.	કુ. એન. જે. ચિનોય	ગેરહાજર
૨૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨૬.	ડૉ. અંજનાબહેન દેસાઈ	હાજર
૨૭.	ડૉ. એચ. એસ. શાહ	હાજર
૨૮.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર
૨૯.	પ્રો. ડી. જે. ભટ્ટ	ગેરહાજર
૩૦.	ડૉ. સી. એ. ટોપીવાલા	હાજર

૧. તા. ૨૯–૪–૧૯૯૪ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૯–૪–૧૯૯૪ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી હ તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્ય (જાણ સારુ) :

૨ (૧). ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, પર્શિયન-ઉર્દૂ વિષયની અભ્યાસસમિતિઓએ અને પ્રા પાલિ, મરાઠી, સિંધી, વિષયની ઍડહોક સમિતિઓએ જે તે વિષયની ભાષાઓના ૧૯૯૫માં લેવા પ્રથમ વર્ષ બી.એ.થી એમ.એ. ભાગ-૨ સુધીની પરીક્ષાના તેમ જ નર્સિંગ અને ફાર્મસીના અંગ્રેજ પાઠ્યપુસ્તકો નિયત કરવા કરેલ ભલામણ મંજૂર કર્યાનું;

૨ (૨). સમાજશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા. ૧૫–૧–૧૯૯૪ સભાએ પ્રથમ વર્ષ બી.એ. દ્વિતીય વર્ષ બી.એ.ના સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમમાં કરેલ સુધારા અને તૃતીય વર્ષ બી.એ. તૈયાર કરેલ નવો સુધારેલો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૪થી અમલમાં આવે તેવી ભલામણ મં કર્યાનું;

૨ (૩). વિનયન વિદ્યાશાખાનો પ્રથમ વર્ષ બી.એ.ના ઇતિહાસ વિષયના પેપર (૧), (૨) મુખ્ય ગ અને દ્વિતીય ગૌણ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ ૧૯૯૪ના જૂનથી અમલી બને તે રીતે કરવા ઇતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૧૮–૪–૧૯૯૪ની સભાની ભલામણ મંજૂર કર્યા

૨ (૪). ગૃહવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિની તા. ૩૦–૬–૧૯૯૩ની સભાએ દ્વિતીય વર્ષ બી.એ. અ એમ.એ. ભાગ-૧ અને ૨ની ગૃહવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં કરેલ સુધારા વધારા જૂન, ૧૯૯૪ અમલી બને તેવી ભલામણ મંજૂર કર્યાનું;

૨ (૫). તત્ત્વજ્ઞાન વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૨૪–૫–૧૯૯૪ની સભામાં પ્રથમ વર્ષ અને દ્વિ વર્ષ બી.એ.ના તત્ત્વજ્ઞાન વિષયમાં કરેલ સુધારા અને તૃતીય વર્ષ બી.એ.નો નવો અભ્યા જૂન, ૧૯૯૪થી અમલી બને તેવી ભલામણ મંજૂર કર્યાનું;

૨ (૬). તત્ત્વજ્ઞાન વિષયની અભ્યાસસમિતિએ તેની તા, ૧૪–૬–૧૯૯૩ની સભામાં એમ.એ. ભાગ ૧ સુધારેલો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૩થી અમલમાં આવે તે રીતે મંજૂર કર્યાનું;

(૭). આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા. ૧૧--૪--૧૯૯૪ની સભાએ તૈયાર કરેલ એમ.એ./એમ.એસસી. ભાગ ૧, ૨નો આંકડાશાસ્ત્ર વિષયનો નવો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૪થી અમલમાં આવે તેવી અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કર્યાનું;

(૮). એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં જૂન, ૧૯૯૪થી બી.ઓ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સનો અભ્યાસક્રમ શીખવવાની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦--૬-૧૯૯૪ સુધીમાં કરે તો તેને બી.ઓ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે,
(બ) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે,

૨. (અ) પ્રાયોગિક કાર્ય માટે મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે,
(બ) ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે. (ત્રીસ વિદ્યાર્થીઓને),
(ક) સદરહુ વિષય શીખવવા માટે વિદ્યાર્થી પાસેથી પ્રતિ સત્ર દીઠ રૂ. ૩૦૦નો ફી લેવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધીમાં વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચુકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે,

૮. કૉલેજના અન્ય વહીવટ વિપરીત અસર થશે નહીં, તેની ખાંધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી (૨(૮)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

[આમત ક્રમાંક ૨(૧)થી ૨(૭)નું વિગતે પરિશિષ્ટ "ક-ખ-ગ-ઘ-ચ-છ-જ" તરીકે સામેલ છે.]

૩. અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં એકસૂત્રતા જળવાય તે માટે માર્ગદર્શક સિદ્ધાંતો નિયત કરવા માટે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાઓના ડીનની તા. ૩૧-૫-૧૯૯૪ની સભામાં કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૫-૧૯૯૪ના રોજ મળેલ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા તબીબી વિદ્યાશાખાના ડીનશ્રીઓની સભામાં કરેલ ભલામણોનો સ્વીકાર કરવો તથા જરૂરી કાર્યવાહી સારુ તેની જાણ તમામ અભ્યાસસમિતિઓના અધ્યક્ષશ્રીઓને કરવી.

(ઉપરોક્ત ભલામણો પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે).

૪. નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની જૂન, ૧૯૯૪થી અમદાવાદ ખાતે ઇજનેરી વિદ્યાશાખાની વ્યાવસાયિક ધોરણે નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે કુલપતિશ્રી નિયુક્ત "Need Committee અને તપાસસમિતિ"ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની આ સાથે નીચે દર્શાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૪ સુધીમાં કરે તો તેને ઇજનેરી વિદ્યાશાખામાં ફર્સ્ટ ઇયર બી.ઈ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪ થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું નવું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં ધોરણો અને સ્ટાન્ડર્ડસ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરીઝ માટે, વર્કશોપ્સ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બોઈઝ રૂમ, ટોઇલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા (ઉપરે) અવશ્ય ૩૧ જુલાઈ, ૧૯૯૪ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી/વર્કશોપ્સ માટેનાં જરૂરી ઇકિવપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં ધોરણો અને સ્ટાન્ડર્ડસ મુજબ વસાવવામાં આવે;

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં ધોરણો, સ્ટાન્ડર્ડસ અનુસાર જરૂરી સુવિધાવાળી હૉસ્ટેલ તથા રમતગમત માટેનું મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે;

૪. એ.આઈ.સી.ટી.ઈ.નાં ધોરણો અને સ્ટાન્ડર્ડસ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવાની રહે;

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં ધોરણો, સ્ટાન્ડર્ડસ અનુસાર કોમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, ઈંધવારો ભથ્થું, વતનભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે (તથા શિક્ષકોનાં વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રેચ્યુઈટી / પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે);

૭. કૉલેજના સંચાલનમાં જે ખામી થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૮. "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, બઢતી, ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્યોપાય દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનું સંસ્થાનું બાંયધરીપત્ર;

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલ સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનાં (ઓપન) ઈન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૧. સંસ્થાએ રૂ. ૧૨,૦૦,૦૦૦ (બાર લાખ)ની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ ઓછામાં ઓછાં પાંચ વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

(નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

મહીપતરામ આશ્રમ, અમદાવાદ સંચાલિત અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી મુંબઈ સાથે સંલગ્ન એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફૉર વિમેન અમદાવાદની જૂન, ૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે અરજી આવી છે. સદરહુ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧૦) અન્વયે સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવામાં આવી.

૬. વનસ્પતિશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીઓ ડિપ્લોમા ઈન ફૉરેસ્ટ્રીનો સુધારેલ અભ્યાસક્રમ રજૂ કરેલ છે, તે જૂન, ૧૯૯૪થી અમલમાં મૂકવા વિચારણા કરવા બાબત.

6. Wood seasoning and wood preservation.
7. Minor Forest products and their uses. MFP collection and processing an marketing of MFP with reference to GFD (MFP) corporation, agenaie connected with MFP trase, MFP and tribals.
8. Uses of Bamboo, cottage industry marketing of bamboo products an kotwalla societies.
9. Forest based industries.
   Katha manufacture, wood wall furniture, bobbings, matches, resing an gums hard board, particle board pulp and paper, ragon honey la essential oils rosha and sandle wood.
10. Industries based on medicinal plants cultivation of medicinal plants collection processing and marketing of medicinal plants.
11. Paper mill plywood industry.
12. Wood economy asse utilization of wood and wood wastes, substitutes of wood and popularization of uncamentional timber.

Forest Protection ;

1. Problems of Forest protection in India. Socio-economic administrative and legal aspects.

2. Forest law

   IRA 1929 and rules their finder

   Saushtra trees feling of trees act.

   Relevance with IPC and criminal procedure code

   Forest conservation act.

3. Wild life management.

4. Entomology :

   1. Forest entomology—Importance of Forest Entomology.
   2. Losses due to insects and their assessment.
   3. Insect anatomy, taxonomy and ecology.
   4. Classification of pests according to food-habits; posts of standing trees, felled trees, converted timber, seeds and fruits.
   5. Methods of control, i.e. chemical, physical, silvicultural, biological and genetical.
   6. Environmental aspects of pests and their control.
   7. Important Insects, pests and their control in respect of the following species, namely Tectone Gandis, Dalbergis sissoo, Acacia catechu, Bombax ceiba, Eucalyptus tereticornis, Magnifera indica and Synygium cumini etc.

Wild life :

1. Wild life values.
2. Wild life as a natural resource.
3. Status of wild life conservation.
4. Man and wild life—a historical purscepective.
5. The living community–function of ecosystems.

Self help preparation through library and extra reading subjects to mension are

Silviculture :

1. Botany upto B.Sc. standard Stress for identification of species and refering flora.

   P. Management

2. Forest valuation, inventories, valuation of productive capacity, monetization of environmental values and economic aspects of valuation, soil expection value etc.

3. Forest economics, definition and scope production, consumption, demand and supply, price and market selling, and marketing costs and benifits.

4. Factors affecting the attainment of elimate forests

   (a) hight, (b) climatic factors, (c) Topoaraphical factors, (d) edephic factors, (e) Biotic factors, (Preclimor subclimer and post climer).

5. Plant succession and climate forests.

   F. Utilization

6. Wood anatomy, growth processes gross features, growth rings, green and texture, anatomical structures pores of vessels tyloses fibres etc.

7. Chemistry of wood and wood components.

8. Modern timber engineering techniques and wood improvement.

9. Wood venearing and plywood industry.
   Mensuration

10. Elementary population dynamic of Forest stands Magers and Fergusions methods and sheth modification.

Wild Life :

1. Nutrient cycling.
2. Cycles in Nature in (Biogeochemical)
3. Ecosystem—development and degradation.
4. Distribution of motic communities.
5. Biography found regions bromass and brotic productivity.
6. Concept of habitat and tches

7. Wild life population aad population dynamics.
8. Territory and travels.
9. Caving capacity, carrying capacity.
10. Food water and cover and limiting factors.

1. Forest and Environment
2. Forest and energy
3. Forest and tribal welfare
4. Forest and man
5. Forest and evolution
6. Environmental conservation
7. Pollution control
8. Environmental management.

Forest Genetics :

1. Genetics and Tree improvement
2. Vegetative propagation and use of growth promoters
3. Selection of plus trees
4. Seed orchards and their establishment
5. Various types of grafting and budding
6. Control off pollination
7. Treatment of seed orchards
8. Seed collection and seed testing
9. Seed, germplasm and gene banks
10. Mist chambers, tissue culture etc.

Forest protection :

1. Definitions, importance and broad classification of fungi.
2. Important families Hymenomycetes and important genere in Polyporaceae.
3. Broad ideas about mycorrhiza and edible fungi.
4. Diseases, causes and symptoms, principles of control and plunt quarantine.
5. Important diseases, causes, symptoms and control for the species mentioned above.
6. Environmental aspects of diseases in natural crops and plantations of both indigenous and exotic species.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૭

નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

એમ. પી. આર્ટ્સ એન્ડ એમ.એચ. કોમર્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદનું જૂન, ૧૯૯૪થી પ્રથમ વર્ષથી જોડાણ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં આપવા અંગે.

અમે ઉપરોકત સંસ્થાની રૂબરૂ મુલાકાત તા. ૧૫--૬--૧૯૯૪ના રોજ લીધી હતી. સંચાલક મંડળના સભ્યો અને આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. કૉલેજના અધ્યાપક વર્ગ અને બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને પણ અમે મળ્યા હતા. આ બધાએ કૉલેજનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી સાથે આપવા માટે આગ્રહપૂર્વક જણાવ્યું હતું. કૉલેજના આ પ્રકારે ગુજરાત યુનિવર્સિટીના જોડાણની માગણી સ્વીકારવા અમે ભલામણ કરીએ છીએ. આ અંગે વિષયોના માળખામાં રહેલા ફેરફાર તથા અન્ય વિગતો અંગે વિગતવાર અહેવાલ ટૂંક સમયમાં સમિતિ આપશે. જરૂરી પૂર્વમંજૂરી સરકાર તરફથી મેળવવાની રહેશે તે શરતે આ પ્રકારે ગુજરાત યુનિવર્સિટી સાથે સદર કૉલેજને જોડાણ આપવા અમારી ભલામણ છે.

સમિતિના સભ્યો

પ્રો. કે. એસ. શાસ્ત્રી

પ્રો. એ. આર. શાહ

પ્રિ. ડી. એમ. શીખ

પ્રિ. આર. એચ. વ્યાસ,

પરિશિષ્ટ " ક "
કામકાજ ક્રમાંક ૮

મહેમદાવાદ ખાતે ગાયત્રી કેળવણી મંડળ દ્વારા સૂચિત શારીરિક શિક્ષણની કૉલેજ શરૂ કરવાની મંજૂરી અંગે નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ઉપરોક્ત સંસ્થા દ્વારા મંજૂરી માગવામાં આવેલ સૂચિત શારીરિક શિક્ષણની કૉલેજ માટે સંસ્થાએ સૂચવેલ સ્થળની અમે આજે રૂબરૂ મુલાકાત લીધી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ / ગવર્નિંગ બૉડીના સભ્યો પૈકી પ્રિ. બી. કે. ગઢવી અને પ્રા. બી. વી. પટેલે રૂબરૂ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. સૂચિત સ્થળ / જગ્યા ઉપર હાલના મકાનમાં ફેરફાર / વધારાનું બાંધકામ કરીને જરૂરી બધી સુવિધાઓ સાથેનું મકાન તેઓ તૈયાર કરશે તેની તેઓએ ખાતરી આપી હતી, અને આવર્તક તથા અનાવર્તક ખર્ચ અંગેની જવાબદારી વહન કરવાની ખાતરી પણ લેખિતમાં આપી છે. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં શારીરિક શિક્ષણના સ્નાતક અભ્યાસક્રમની એક પણ કૉલેજ નથી તેથી આવી કૉલેજની જરૂરિયાત જણાઈ છે. એક વર્ષના બી.પી.એડ. (બૅચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન)ના ગુજરાત યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની મંજૂરી આ સંસ્થાને નીચેની શરતોએ આપવા અમારી ભલામણ છે. આ શરતોનું પરિપાલન તા. ૩૧--૭--૧૯૯૪ સુધીમાં સંસ્થાએ કરવાનું રહેશે અને તે શરતોનું તે તારીખ સુધીમાં પરિપાલન થાય તેને આધારે આવી મંજૂરી આપવા ભલામણ છે :

૧. આ સાથે જોડેલ બિડાણ-૧ મુજબની, મેદાન માટે, વર્ગખંડો માટે, આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, કાર્યાલય માટે ખંડ, બહેનો માટે અલગ ટોયલેટની સુવિધા સાથેનો ખંડ, છાત્રાલય માટેની વ્યવસ્થા, ભોજનાલય, વાચનાલય અને પુસ્તકાલય માટેનો ખંડ વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે. જિમ્નેશિયમ હૉલની વ્યવસ્થા પણ તેમાં સૂચવ્યા પ્રમાણે કરવાની રહેશે.

૨. બિડાણ-૧ મુજબના સ્ટાફની નિમણૂકો સંસ્થાએ કરવાની રહેશે.

૩. બિડાણ—મુજબનું ફીનું ધોરણ સંસ્થાએ રાખવાનું રહેશે.

૪. ગ્રંથાલય માટે રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(અ) પુસ્તકો માટે...રૂ. ૧૦,૦૦૦

(બ) સામયિકો માટે...રૂ. ૧,૨૫૦

(ક) સંદર્ભગ્રંથો માટે...રૂ. ૧,૨૫૦.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે અને શિક્ષકોને તથા બિનશિક્ષક કર્મચારીઓને ગ્રેચ્યુઈટીના લાભ આપવા માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે,

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને લઘુમતીઓ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે, તે મુજબનો સંસ્થાઓ બાંયધરી પત્ર આપવો.

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાઓ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૧. સંસ્થાઓ રૂ. ૬ લાખની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષક કર્મચારીની વર્ગના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની જોગવાઈ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

પ્રિ. ડી. એમ. શીખ
પ્રો. એ. આર. શાહ
પ્રો. આત્મારામ પટેલ
પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રો. એસ. કે. પટેલ —આમંત્રિત.

ભિડાણ ૧

પ્રથમ વર્ષના બી.પી.એડ. અભ્યાસક્રમ માટેની વિગતો

(૧) મેદાન :

૧.	૪૦૦ મી.નો ટ્રૅક—૧૦૦મી. × ૧૯૦ મી.	૧૯,૦૦૦ ચો.મી.
૨.	બાસ્કેટ બૉલ ૧—૩૨ મી. × ૨૦ મી.	૬૪૦ ચો.મી.
૩.	ખો-ખો ૧—૩૨ મી. × ૨૦ મી.	૬૪૦ ચો.મી.
૪.	કબડ્ડી ૧—૧૩ મી. × ૨૦ મી.	૨૬૦ ચો.મી.
૫.	હેન્ડ બૉલ ૧—૪૦ મી. × ૨૦ મી.	૮૦૦ ચો.મી.
		૨૧,૩૪૦ ચો.મી.

(૨) જિમ્નેશિયમ હૉલ ૧—૩૦ મી. × ૨૦ મી. × ૮ મી.

(૩) મકાનો :

૧. કાર્યાલય રૂમ—૨

૨. સ્ટાફરૂમ—૧

૩. વર્ગખંડ—૨

૪. પુસ્તકાલય—૧

૫. સાધન ખંડ—૧

૬. છાત્રાલય (૧૦૦ વિદ્યાર્થીઓ માટે) રૂમ—૨૫

૭. ભોજનાલય—રસોડું + હૉલ

(૪) વિદ્યાર્થી સંખ્યા—૧૦૦

(૫) સ્ટાફ :

૧. પ્રિન્સિપાલ—૧

૨. અધ્યાપક—૭

૩. સીનિયર ક્લાર્ક—૧

૪. જુનિયર ક્લાર્ક / ગ્રંથપાલ—૧

૫. ગ્રાઉન્ડમેન—૨

૬. પટાવાળા—૧

૭. ચોકીદાર—માળી—૧

નોંધ—મહેકમ બી.એડ. મુજબ રાખવું.

ભિડાણ ૨

ફીનું ધોરણ

નીચે મુજબનુ ફીનું ધોરણ સંસ્થાએ રાખવાનું રહેશે :		રૂપિયા
૧. પ્રવેશ ફી	...	૨૫
૨. કૉલેજ અનામત	...	૨૦૦
૩. શિક્ષણ ફી	...	૧૦૦૦
૪. ઓનરોલમેન્ટ ફી	...	૫૦
૫. સાધનસામગ્રી અને પ્રાયોગિક ફી	...	૭૦૦
૬. પુસ્તકાલય ફી	...	૧૦
૭. પરીક્ષા ફી	...	૧૧૦
૮. વિદ્યાર્થી કલ્યાણ ફી	...	૧૦
૯. છાત્રાલય ફી	...	૧૦૦૦
૧૦. ગણવેશ ઑડવાન્સ	...	૬૦૦
૧૧. પ્રવાસ ઑડવાન્સ	...	૫૦૦
૧૨. કૅમ્પ ઑડવાન્સ	...	૫૦૦
૧૩. જિમખાના અને સાંસ્કૃતિક ફી સહિત	...	૨૬

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૯

કાંકણપુરની આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્ય વિદ્યાશાખાના જૂન, ૧૯૯૪થી વધારાના જોડાણ અંગે નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ઉપરોકત કાંકણપુરની આર્ટ્સ કૉલેજ સાથે વધારામાં વાણિજ્ય વિદ્યાશાખાના જોડાણની સંસ્થાની માગણી અંગે અગાઉ નીડ કમિટીએ જરૂરિયાત સ્વીકારી નહોતી અને તે અનુસાર ગુજરાત યુનિવર્સિટીએ તેવું જોડાણ મંજૂર કર્યું નહોતું. ત્યાર બાદ સંસ્થાએ સરકાર પાસે આ અંગે રજૂઆત કરી હતી અને તે સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીને આ બાબત ફરી તપાસી જવા સરકાર તરફથી પત્ર મળેલ, જેના અનુસંધાનમાં અને સંસ્થાએ યુનિવર્સિટી સમક્ષ ફરીથી કરેલ રજૂઆત અને અરજીના સંદર્ભમાં સમિતિએ બધાં પાસાંની તપાસ કરેલ છે. ગોધરાની કૉમર્સ કૉલેજ જે કાંકણપુરથી ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં આવેલ છે તેમાં વાણિજ્ય વિદ્યાશાખામાં ૧૯૯૩–૯૪ના વર્ષમાં સંખ્યા ઘટી હતી અને તેમાં પ્રથમ વર્ષ બી.કૉમ.ના માત્ર બે વર્ગ છે જે જોતાં વધુ વિદ્યાર્થીઓ સમાવવાની તે કૉલેજની ક્ષમતા છે. આ વિગતો જોતાં સમિતિ કાંકણપુરની કૉલેજને વાણિજ્ય વિદ્યાશાખાનું જોડાણ આપવાની ભલામણ કરતી નથી.

કે. એસ. શાસ્ત્રી
ડી. એમ. શીખ
આર. એચ. વ્યાસ
સમિતિના સભ્યો

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા શનિવાર, તા. ૮—૧૦—૧૯૯૪ના રોજ સવારે ૯—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮—૧૦—૧૯૯૪
૧.	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાંત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રો. વાય. કે. અગ્રવાલ	હાજર
૫.	પ્રો. એસ. બી. મોરા	હાજર
૬.	પ્રિ. એન. વી. રાવલ	હાજર
૭.	પ્રિ. વી. એચ. દીક્ષિત	ગેરહાજર
૮.	ડૉ. કેતનભાઈ ડી. દેસાઈ	ગેરહાજર
૯.	શ્રી. એમ. સી. ગાબરિયા	હાજર
૧૦.	પ્રો. વી. પી. ભારદ્વાજ	હાજર
૧૧.	પ્રો. એલ. વી. જોષી	હાજર
૧૨.	પ્રો. ધવલ મહેતા	હાજર
૧૩.	પ્રો. યુ. એમ. રાવલ	હાજર
૧૪.	પ્રો. બી. એમ. શુકલ	ગેરહાજર
૧૫.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૬.	શ્રી. એન. એમ. પરીખ	ગેરહાજર
૧૭.	ડૉ. એસ. જી. શાહ	હાજર
૧૮.	ડૉ. બી. એસ. પટેલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮–૧૦–૧૯૯૪
૧૯.	પ્રિ. આર. ડી. દવે	ગેરહાજર
૨૦.	પ્રો. પી. સી. પરીખ	હાજર
૨૧.	પ્રો. એ. આર. શાહ	હાજર
૨૨.	શ્રીમતી નીતાબહેન એસ. શાહ	ગેરહાજર
૨૩.	પ્રિ. યુ. બી. પાઠક	ગેરહાજર
૨૪.	પ્રિ. એન. વી. પંડ્યા	ગેરહાજર
૨૫.	કુ. એન. જે. ત્રિનેત્ર	હાજર
૨૬.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨૭.	ડૉ. અંજનાબહેન દેસાઈ	ગેરહાજર
૨૮.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૨૯.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર
૩૦.	પ્રો. ડી. જે. ભટ્ટ	હાજર
૩૧.	ડૉ. સી. એ. ટોપીવાલા	હાજર

૧. તા. ૧૬–૬–૧૯૯૪ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬–૬–૧૯૯૪ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨(૧). એમ.એ. ભાગ-૨ના સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર ૭માં પુરાણશાસ્ત્ર માટે નિયત કરવામાં આવેલા અભ્યાસક્રમમાં વાયુપુરાણ (નાગ પબ્લિશર્સ, ૧૯૮૩ની આવૃત્તિ)ના કેટલાક શ્લોકો ઉમેરી સુધારો કર્યાનું;

૨(૨). શિક્ષણ વિદ્યાશાખાની અભ્યાસસમિતિએ બી.એડ. ભાગ ૨ના પ્રાયોગિક કાર્યમાં પ્રશ્નપત્ર ૧, ૨ અને ૩માં સુધારો કરી તેનો અમલ જૂન, ૧૯૯૪થી કરવા કરેલ ભલામણ સ્વીકારીને અભ્યાસક્રમનો સુધારો મંજૂર રાખ્યાનું,

૨(૩). વિજ્ઞાન વિદ્યાશાખાની સ્નાતક કક્ષા સુધીની પરીક્ષાઓ અંગે શૈક્ષણિક વર્ષ ૧૯૯૯–૯૦થી અમલમાં આવે તેમ નિયમો સુધાર્યા હોવાનું તેમ જ પ્રાયોગિક પરીક્ષાના નિયમો સુધારવાથી નવા તૈયાર કરેલા રેગ્યુલેશન આપમેળે અમલ કરવા મંજૂરી આપ્યાનું;

૨(૪). ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઈ.આર. ૧૯૮૧ અનુસાર ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૨–૯૩ અને તે પહેલાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ અનુસાર પરીક્ષા આપવા અંગેના નિયમો તા. ૧૨–૯–૧૯૯૪ના રોજ મળેલ તદર્થ અભ્યાસ સમિતિએ ભલામણ કર્યા મુજબ સ્વીકારીને પરિપત્રિત કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૪)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

[બાબત ક્રમાંક ૨(૧)થી ૨(૪)નું બિડાણ અનુક્રમે પરિશિષ્ટ 'ક', 'ખ', 'ગ' અને 'ઘ' તરીકે સામેલ છે.]

૩. ગુજરાત યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના હિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં રીડર ઇન હિસ્ટ્રીની ૨ જગ્યાઓ ઉપર નિમણૂક કરવા અંગે તા. ૧૨–૮–૧૯૯૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મોકૂફ રાખવી.

૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના હિસ્ટ્રી વિભાગમાં લેક્ચરરની એક જગ્યા ભરવા અંગે તારીખ ૧૨–૮–૧૯૯૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મોકૂફ રાખવી.

૫. ગુજરાત યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ એસોસિયેટની ત્રણ જગ્યાઓ ભરવા માટે તા. ૨૯–૭–૧૯૯૪ ને શુક્રવારના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૯–૭–૧૯૯૪ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણનો સ્વીકાર કરવો તથા તદનુસાર કુ. જુઠાણી સ્વાતિ એન. તથા શ્રી. ભટ્ટ જગદીશ એમ.ની ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સની જગ્યા ઉપર નિમણૂક કરવા સારુ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત જગ્યાની પુનઃ જાહેરખબર આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬. યુનિ. સ્કૂલ ઑફ કૉમર્સના લેક્ચરર ઇન કૉમર્સની એક જગ્યા (એક જગ્યા એસ.સી. ઉમેદવાર માટે અનામત) ભરવા અંગે તા. ૩૦–૭–૧૯૯૪ ને શનિવારના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦–૭–૧૯૯૪ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર શ્રી. સરદાર હરપાલસિંગની કૉમર્સના વ્યાખ્યાતાની જગ્યા ઉપર નિમણૂક કરવા તથા અનુસૂચિત જાતિની અનામત જગ્યાની પુનઃ જાહેરખબર આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સમાં રીડરની એક જગ્યા ભરવા અંગે તા. ૩૦–૭–૧૯૯૪ ને શનિવારના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦–૭–૧૯૯૪ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારીને તદનુસાર સદરહુ જગ્યાની પુનઃ જાહેરખબર આપવા સારુ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, એજ્યુકેશન અને ફિલોસોફીના ફિલોસોફી વિભાગમાં રીડરની એક ખાલી જગ્યા ભરવા અંગે તા. ૧૭–૯–૧૯૯૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૭–૯–૧૯૯૪ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારીને તદનુસાર સદરહુ જગ્યાની પુનઃ જાહેરખબર આપવા સારુ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૯(૧). એકાઉન્ટન્સી વિષયની અભ્યાસસમિતિએ સેકન્ડ બી.કૉમ.ના ટેક્સેશન વિષયના અભ્યાસક્રમમાં ૧૯૯૪—૯૫ના શૈક્ષણિક વર્ષથી સૂચવેલ સુધારા સ્વીકારીને પરિપત્રિત કર્યાનું;

૯(૨). ઇલેક્ટ્રોનિક્સ (સાયન્સ)ની તદર્થ અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ થર્ડ બી.એસસી.ના ઇલેક્ટ્રોનિક્સ વિષયના અભ્યાસક્રમમાં સૂચવેલ સુધારો સ્વીકાર્યાનું;

૯(૩). માઇક્રોબાયોલોજી અભ્યાસસમિતિની તા. ૭--૭--૧૯૯૪ની સભાએ એમ.એસસી. ભાગ-૨ના માઇક્રોબાયોલોજી વિષયના અભ્યાસક્રમમાં કરેલ સુધારો સ્વીકાર્યાનું;

૯(૪). બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૭--૭--૧૯૯૪ની સભાએ એમ.કૉમ. ભાગ-૨ના બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના અભ્યાસક્રમમાં કરેલ સુધારા સ્વીકાર્યાનું તેમ જ થર્ડ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના પેપર-૫માં ડિઝર્ટેશનના નિયત કરેલ શીર્ષકો (ટૉપિક્સ) સ્વીકાર્યાનું;

૯(૫). સર્વોદય ચૅરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર, જિ. પંચમહાલ સંચાલિત જય અંબે એલ. કે. આર્ટ્સ કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખા જૂન, ૧૯૯૪થી ઉમેરવા અંગેની અરજી પરત્વે નીડ સમિતિનો હેવાલ તા. ૧૬--૬--૧૯૯૪ની ઓકિઝકયુટિવ કાઉન્સિલમાં સ્વીકારવામાં આવેલ. તદનુસાર વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવાનો જરૂરિયાત સ્વીકારેલ ન હતી.

સંસ્થાએ આ પરત્વે રાજ્ય સરકારને કરેલ અપીલના સંદર્ભમાં રાજ્ય સરકારે યુનિવર્સિટીને પુનઃ વિચારણા કરવા ભલામણ કરેલ હતી. આ દરમિયાન ધો. ૧૨નાં પરિણામો જાહેર થયા બાદ સંસ્થાએ તા. ૩--૭--૧૯૯૪ના પત્ર દ્વારા યુનિવર્સિટીને પુનઃ વિચારણા કરવા જણાવતાં અને આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયેલા હોઈ તેને લક્ષમાં રાખી નીડ સમિતિએ આપેલ હેવાલ સ્વીકાર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોકત ક્રમાંક ૯(૧)થી ૯(૫)માં દર્શાવેલા કાર્યોની નોંધ લેવામાં આવી.

[બાબત ક્રમાંક : ૯(૧)થી ૯(૫)નું બિડાણ અનુક્રમે **પરિશિષ્ટ "ટ" "ઠ" "ડ" "ઢ" "ણ"** તરીકે સામેલ છે]

૧૦. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ ખાતે બી.ઈ./એમ.બી.એ.ની છ વર્ષીય સંયુકત (ઇન્ટિગ્રેટેડ) અભ્યાસક્રમ શરૂ કરવા ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીને મોકલેલ દરખાસ્તના સંદર્ભમાં કાઉન્સિલે તા. ૮--૯--૧૯૯૪ તથા તા. ૩૦—૯—૧૯૯૪ના પત્રો દ્વારા મંજૂરી આપેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનના ઉપરોકત પત્રોની સાભાર નોંધ લેવામાં આવી. કાઉન્સિલે સદરહુ પત્રોમાં મૂકેલી શરત ક્રમાંક ૪ અનુસાર સદરહુ મંજૂરીનો સ્વીકાર કર્યાની કાઉન્સિલને જાણ કરવી.

(એ.આઈ.સી.ટી.ઈ.ના અધ્યક્ષના તા. ૮--૯--૧૯૯૪ તથા તા. ૩૦--૯--૧૯૯૪ના પત્રોની નકલ પરિશિષ્ટ "ત" સામેલ છે.)

૧૧. રાજ્ય સરકારશ્રી તરફથી જૂન, ૧૯૯૪થી ભૂજ ખાતે ઈજનેરી વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ "નીડ કમિટી"ના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત નીડ તથા સ્થાનિક તપાસ સમિતિના હેવાલનો સ્વીકાર કરવો તથા નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ભૂજ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન ઓકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧૦–૧૯૯૪ સુધીમાં કરે તો તેને ભૂજ ખાતે ઈજનેરી વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.ઈ.ના અભ્યાસક્રમો શીખવવા માટે શૈક્ષણિક વર્ષ ૧૯૯૪–૯૫ માટેનું નવું જોડાણ આપવા ઓકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરી માટે, વર્કશોપ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે ગર્લ્સ રૂમ, બોઈઝ રૂમ, ટોઈલેટસ તથા અન્ય સુવિધાવાળા રૂમો વગેરેની વ્યવસ્થા ૩૧ ઓકટોબર, ૧૯૯૪ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેના જરૂરી ઈકિવપમેન્ટસ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે.

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ, અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાવાળી હોસ્ટેલની તથા રમતગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૪. એ.આઈ.સી.ટી.ઈ.–ગુજરાત સરકારના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂકો કરવાની રહે.

૫. આ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ, સ્ટાન્ડર્ડઝ અનુસાર કોમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોના પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડ તથા તમામ નિવૃત્તિ લાભ આપવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખામી થાય તે પૂરી કરવાની રાજ્ય સરકારશ્રી તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે તે મુજબનું બાંહેધરી પત્ર.

૯. યુનિવર્સિટીના નિયમાનુસાર વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુકત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુકત આવા સભ્યોનાં નામ સંસ્થાઓ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

(નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૨. રાજ્ય સરકારશ્રી તરફથી જૂન, ૧૯૯૪થી ગાંધીનગર ખાતે ઇજનેરી વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ "નીડ કમિટી"ના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત નીડ તથા સ્થાનિક તપાસ સમિતિના હેવાલનો સ્વીકાર કરવો તથા નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન ઓફિઝકચુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧૦–૧૯૯૪ સુધીમાં કરે તો તેને ગાંધીનગર ખાતે ઇજનેરી વિદ્યાશાખામાં પ્રથમ વર્ગ બી.ઈ.ના અભ્યાસક્રમો શીખવવા માટે શૈક્ષણિક વર્ષ ૧૯૯૪–૯૫ માટેનું નવું જોડાણ આપવા ઓફિઝકચુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરી માટે, વર્કશોપ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બોઈઝ રૂમ, ટોઈલેટ્સ તથા અન્ય સુવિધાવાળા રૂમો વગેરેની વ્યવસ્થા ૩૧ ઓક્ટોબર, ૧૯૯૪ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેના જરૂરી ઈક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે.

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાવાળી હોસ્ટેલની તથા રમતગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૪. એ.આઈ.સી.ટી.ઈ. –ગુજરાત સરકારનાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂકો કરવાની રહે.

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડ તથા તમામ નિવૃત્તિ લાભ આપવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની રાજ્ય સરકારશ્રી તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી વગેરે અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે તે મુજબનું બાંયધરીપત્ર.

૯. યુનિવર્સિટીના નિયમાનુસાર વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાઓ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

(નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે)

૧૩. અનુસ્નાતક વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન કે સત્રોની માન્યતાની મુદત અંગે આ યુનિવર્સિટીમાં કોઈ નિયમ નથી, તો આ અંગે અનુસ્નાતક નિયમ નં. ૩માં કંડિકા (બી) નીચે મુજબ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

સૂચિત અનુ. નિયમ નં. ૩ (બી) :

"The registration for a Post-graduate Degree (M.A., M.Com., M.Sc. and M.Ed.) expires at the end of five years from the date of registration.

On expiry of five years he/she shall be required to register himself/herself as a fresh candidate and keep the attendance and appear and pass in both the examinations a fresh from first term onwards in order to obtain the degree."

(નોંધ.—૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિનયન, વાણિજ્ય અને શિક્ષણની વિદ્યાશાખા માટે ઉપર મુજબની જોગવાઈ છે.

૨. આ યુનિવર્સિટીમાં ઉપર જણાવેલ ત્રણ વિદ્યાશાખા ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખાને પણ આ નિયમ લાગુ પાડીએ.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક રજિસ્ટ્રેશન અંગે અનુસ્નાતક નિયમ ૩(બી) ઉપર મુજબ મંજૂર કરવો.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારુ) :

જુલાઈ ૧૯૯૩થી અમલમાં આવેલ બી.એસસી નર્સિંગના અભ્યાસક્રમમાં એ.ટી.કે.ટી. (—અંગ્રેજીની A.T.K.T.)ની જોગવાઈ ઉમેરવાનું કાર્ય.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી. (સુધારેલ રેગ્યુલેશન **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે).

૧૫. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિ. ૧૭૨ અન્વયે માન્ય સંસ્થાઓને કૉલેજોની સમકક્ષ ગણવામાં આવેલ છે, તો માન્ય સંસ્થાઓના શિક્ષક/બિનશિક્ષક કર્મચારીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોની માફક નિયમાનુસાર મળવાપાત્ર લાભો મળવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૭૨ અન્વયે માન્ય સંસ્થાઓ સંલગ્ન કૉલેજોની સમકક્ષ છે તે હકીકતનું પુનરુચ્ચારણ કરવામાં આવે છે અને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓને મળતા તમામ લાભ માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓને લાગુ પડે જ છે તે સ્પષ્ટતા સાથે સદરહુ ખર્ચને માન્ય ખર્ચ ગણી તેને અનુદાનપાત્ર ગણવા સારુ રાજ્ય સરકારને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. બેઠક દરમ્યાન કેટલાક સભ્યશ્રીઓ તરફથી દરખાસ્ત કરવામાં આવી કે યુનિવર્સિટીની સમિતિઓની બેઠકમાં હાજરી આપતા સભ્યોને તથા અનુસ્નાતક કેન્દ્રોમાં મુલાકાતી શિક્ષકોને હાલમાં રૂ. ૨૨-૫૦ લેખે જે વાહન ભથ્થું (કન્વેયન્સ એલાવન્સ) આપવામાં આવે છે તેને પેટ્રોલ તથા રિક્ષાભાડાના દરોમાં થયેલા વધારાને લક્ષમાં લેતાં તેમાં ફેરફાર કરવો યોગ્ય હોઈ તે પરત્વે વિચારણા કરવા સારુ.

ઉપરોક્ત બાબતે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની બેઠકોમાં સભ્ય તરીકે હાજરી આપવા સારુ તથા અનુસ્નાતક કેન્દ્રોમાં મુલાકાતી શિક્ષકને વાહન ભથ્થા તરીકે હાલમાં જે રૂ. ૨૨-૫૦ ચૂકવવામાં આવે છે તેને સ્થાને રૂ. ૩૦ ચૂકવવા (અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૯૪–૯૫ના બીજા સત્રથી આ મુજબ વધારાનો લાભ આપવો.) એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકેડેમિક / ૪૦૩૩૮ / ૧૯૯૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૭–૧૨–૧૯૯૪

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨(૧)

એમ.એ. ભાગ-૨ સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર-૭ (પુરાણશાસ્ત્ર) માટે નિયત થયેલા અભ્યાસક્રમમાં સુધારો કરી નીચે મુજબના અધ્યાયો નિયત કરવામાં આવે છે, આ અધ્યાયો "વાયુપુરાણ" નામ પબ્લિશર્સ ૧૯૮૩ની આવૃત્તિ મુજબના છે, પૂર્વાર્ધ : (અ) ૧થી ૧૫, ૧૯થી ૨૨, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૩–૩૬, ૪૫, ૫૫, ૫૬, ૫૮, ૬૧=૩૨ ઉત્તરાર્ધ : (અ) ૧થી ૭, ૨૩, ૨૬થી ૩૨, ૩૪, ૩૬, ૪૦થી ૪૩.

પરિશિષ્ટ "ખ"
ઠરાવનો ક્રમાંક ૪(૨)

બી.એડ્. ભાગ-૨ના પ્રાયોગિક કાર્યમાં પ્રશ્નપત્ર-૧, ૨, ૩માં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે. બે ક્ષેત્રીય કાર્યો (ફિલ્ડ વર્ક) અને એક શૈક્ષણિક સાધન અથવા એક ક્ષેત્રીય કાર્ય વત્તા એક ક્રિયાત્મક સંશોધન વત્તા એક શૈક્ષણિક સાધન અથવા ત્રણ ક્ષેત્રીય કાર્ય કરવાનું નિયત કરવામાં આવ્યું છે. આ ફેરફારનો અમલ ૧૯૯૪ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

પરિશિષ્ટ "ક"
અધ્યાદેશ ક્રમાંક ૨(3)

R. Sc. 7

Rules regarding Practical examination in the Faculty of Science operative from the Academic Year 1989-90.

(1) For Practical Examination :

(*a*) Those students who have failed in April/May 1989 examinotion, it will not be obligatory for them to apper in the practical examination to be taken thereafter when they Prefer to appear again. Student will be offered an option whether to apaear or not in the practical examination. If he prefers an option not to appear in the practical examination his marks of the practical examination will be carried forward and if he prefers an option to appear in the practical examination his marks of the previous year practical examination will not be carried forward.

(*b*) If student choses an option to appear in the practical examination his marks of the practical examination of the same year alone will be taken into consideration and his previous marks of the practical examination will not be token into consideration. Though if he so choses, In the event he fails in the subsequent theory examination his marks of practical examination at his option will be carried forward if he so choses.

(*c*) Thus, in the event of practical marks carried forward, he/she will be entitled to classify he/she is eligible on the basis of marks obtained. Thus he will not be dis-entitled for the eligibility of class simply on the basis of marks of the practical examination having been carried forward.

(*d*) If student failing in the practical examination of the March/April examination could not appear in the subsequent examination of October/November by any reasons whatsover and appears in and the subsequent March/April examition, he will be entitled to the option as specified in para (a) above. In short, student passing in the practical examination, as and when he appears as Ex-student the practical examination, he will be entitled to the benefits of the option to carry forward his marks of the practical examination of the previous year.

(e) In order to exempt from the subject, the carry forward marks of the practical examination will be taken into accout. Thus, the benefit of exemption will not be ceased away if the marks of the practical examination are carry forward.

2. Change of principal subject in Third B.Sc.

(a) Student will have to appear in the Third B.Sc. Examination in the same subject in which he has appeared in Second B.Sc. Examination with principal subject and it will not be obligatory to accept the application of the student simply on the basis that he failed in the subject. If it is convenient to the college and if college provides "No Objection Certificate" then only student failing in the principal subject will be allowed to change the subject. Student will have to keep the same principal subject of Second B.Sc. in which he has failed previous year and in doing so he will be entitled for ATKT.

(b) Student will be offered general course if the subject is changed looking to the convenlency of the college.

3. It is obligatory for the student to obtain "No Objection Certificate" if he is transferred from one college to another college. If any student appears without "No objection certificate" his admission will be considered cancelled and the responsibility will rest on student and the college who admitted the student.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨(૪)

1. The Adhoc Committee of the Board of Studies in Pharmacy met on **12-9-1994** at 3-30 p.m. to take note and consider the letter No. 14-39/95-PEI/ **3427-3764** dated-26-7-1994 regarding the Old Course (I Year Diploma) for students admitted in the year 1992-93 (ER 1981).

Following members were present in the meeting. Prof. Y. K. Agrawal preside over the chair ;

(1)	Dr. C. J. Shishoo	Present
(2)	Prof. K. J. Patel	Absent
(3)	Shri I. A. Modi	Absent
(4)	Shri J. K. Bagga	Absent
(5)	Dr. D. D. Santani	Present
(6)	Dr. Y. K. Agrawal	Present
(7)	Dr. Madhubhai Patel	Present

The Committee discussed fully and resolved the following :

1. (a) The students admitted in the year 1992-93 under ER 1981 (in the I Year Diploma Course) will be allowed to appear in the I Year Diploma examination upto April/May Examination, 1995 as per PCI resolution referred above. Failing to clear the said examination by April/May, 1995, the concerned student shall cease to be in the diploma in pharmacy course of the University.

(b) Above students shall have to attend Second Year Classes of Diploma Pharmacy Course during the year 1994-95 as per ER 1981 irrespective of the number of back-log papers of the Diploma in Pharmacy Part-I Examination under the said E.R.

2. The students admitted in the year 1992-93 in the I Year of the Diploma course will be allowed to clear the First Year Examination upto April/May, 1995. They will not be allowed to take up Diploma Part-II Exam. unless the clear the Part Exam.

3. Those students who have passed the I Year Diploma Examination latest by April/May, 1995 will be allowed to appear in the II Year Diploma Pharm. Examination under ER 1981 upto October, 1996 Examination failing which no further examination will be conducted by the University under E.R. 1981.

4. Further, the committee advises that B.Pharm. Syllabus of the University be revised and the new syllabi be implemented with effect from Year 1995-96. A Committee of experts be immediately formed to initiate the process of revision, AICTE Guidelines may be followed for this purpose.

પરિશિષ્ટ "ક"
સામાન્ય કામો ૫

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to three posts of Teaching Research Associates in the B. K. School of Business Management (one post reserved for EBC Candidate), Gujarat University, Ahmedabad-380 009 was held on Friday the 29th July, 1994 at 1-00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2. Dr. P. V. Desai	Present
3. Dr. A. S. Abassi	Present
4. Prof. Dhaval Mehta (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri Iyer Kalyanaraman S.	Absent
2. Shri Bhatt Jagdish M.	Present
3. Shri Yashodharan K.	Present
4. Ms. Juthani Swati N.	Present
5. Mrs. Iyengar Priya P.	Present
6. Shri Viramgami Hitesh M.	Absent
7. Shri Upadhyay Raghav G.	Present
8. Shri Shastri Kamlesh B.	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the committee recommends as under :

(1) Mr. Juthani Swati N.

(2) Shri Bhatt Jagdish M.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. P. V. Desai
Dr. A. S. Abassi

પરિશિષ્ટ "ઇ"
કામકાજ ક્રમાંક ૬

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Commerce (one post reserved for scheduled caste candidate) in the Gujarat University, Ahmedabad-380 009 was held on Saturday, the 30th July, 1994 at 2-00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Guiarat University presided.

The attendance of the selection committee members was as under :

1.	Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2.	Prof. B. D. Ghonasgi	Present
3.	Dr. I. P. Vyas	Present
4.	Prof. B. H. Desai (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Reena V. A.	Present
2.	Gadhavi H. N.	Absent
3.	Shah Piyush M.	Absent
4.	Songara B. M.	Present
5.	Joshi Prasant M.	Absent
6.	Juthani S. N.	Absent
7.	Majithia Apura S.	Present
8.	Shri Gitesh K.	Absent
9.	Melapudi Eswarau	Absent
10.	Lagalia J. P.	Absent
11.	Solanki Bhaskar V.	Present
12.	Kadam Laxmandu	Present
13.	Vala Maltibahen B.	Absent
14.	Thakar Bhavna C.	Absent

15.	Desai Sapana	Present
16.	Mrs. M. Jayandi	Present
17.	Parmar Ashokkumar D.	Present
18.	Dr. Mohan Jitendra	Present
19.	Sabanani Manal A.	Present
20.	Sardar Harpalsingh	Present
21.	Solanki Chetan	Present
22.	Rathod Jagdishbhai	Present
23.	Dr. Chauhan Pratapsingh	Absent
24.	Vaishnav Vandana A.	Present
25.	Bhatt Pravinchandra	Absent
26.	Babi Ashphque	Present
27.	Patel Dashrathbhai	Absent
28.	Makwana H. C.	Absent
29.	R. M. Nachiyappan	Present
30.	Gohel Daksha C.	Absent

After interviewing the candidates who remained present for the interview and considering the relative merits, the committee recommends as under :

(1) Sardar Harpalsingh Chanansingh

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Prof. B. D. Ghonasgi
Dr. I. P. Vyas

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૭

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Commerce in the University School of Commerce, Gujarat University, Ahmedabad—9 was held on Saturday, the 30th July, 1994 at 12-00 Noon. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. N. V. Vasani (Vice-Chancellor)	Present
2.	Prof. B. D. Ghonasgi	Present
3.	Dr. I. P. Vyas	Present
4.	Dr. A. S. Abani	Present
5.	Prof. B. H. Desai (Invitee)	Present

The following Candidates were called for interview :

1.	Bhatt Gopal Ramchandra	Present
2.	Mrs. Bharti Pathak	Present
3.	Ms. Daksha Gohel	Absent
4.	Mr. Langalia Jamnadas	Present
5.	Mr. Badi Ashphque Y.	Present
6.	Mr. Bhatt Pravinchandra M.	Present
7.	Mr. Patel Dashrathbhai A.	Present
8.	Mr. Chauhan Pratapsingh	Absent

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the committee recommends as under :

Nobody is found suitable.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Prof. B. D. Ghonasgi
Dr. I. P. Vyas
Dr. A. S. Abani

પરિશિષ્ટ "ખ"

Confidential :

A meeting of the Selection Committee for recomending names for appointment to the one post of Reader in Philosophy in the University School of Psychology, Education & Philosophy, Gujarat Universsty, Ahmedabad-380 009 was held on Saturday the 17th September, 1994 at 12-00 noon. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
(2) Dr. C. H. Mehta, Pro-Vice-Chancellor	Present
(3) Dr. H. M. Joshi	Present
(4) Dr. S. S. Antarkar	Present
(5) Prof. R. V. Pandya	Present
(6) Dr. Y. S. Shastri (Invitee)	Present

The following candidates were called for interview :

(1) Dr. Bhavna P. Trivedi	Present
(2) Dr. Anantrai M. Vasani	Present
(3) Shri Prashant R. Dave	Present
(4) Mrs. Joshi Neela J.	Present

After interviewing the candidates who remained present for the interviewing and considering their relative merits, the committee recommends as under :

No body found suitable.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. S. S. Antarkar
Prof. R. V. Pandya
Prof. H. M. Joshi

પરિશિષ્ટ "૨"
ફોર્મનાં ફકરા નં.(૧)

સેક્શન બી.ફોર્મ.ના રેફરેન્સ વિષયમાં નીચે મુજબ ફેરફાર (સુધારો) કરવામાં આવેલ છે.

૧૯૯૪-૯૫ના શૈક્ષણિક વર્ષ માટે સેક્શન બી.ફોર્મ.ના રેફરેન્સ વિષયના અભ્યાસક્રમમાં નીચેના ફેરફારો ધ્યાનમાં લેવાના છે.

ભાગીદારી પેઢીની આકારણી

કલમ–૧૮૨ અને ૧૮૩ અભ્યાસક્રમમાંથી રદ કરવી. તેના બદલે કલમ ૧૮૮ અને ૧૮૭(૨) ઉમેરવી.

ધંધા વ્યવસાયની આવક : કલમ ૩૪ રદ કરવી. કલમ ૩૬, ૪૩ 'એ' અને 'બી' રદ કરવી.

મૂડી નફો : કલમ–૫૨ અને ૫૩ અને ૫૪ 'એ', ૫૪ 'સી', ૫૪ 'ડી' અને ૫૪ 'ઈ' રદ કરવી.

અંશતઃ કરમુક્ત આવકો : Partly exempted Inoulded કલમ ૯૬ રદ કરવી.

કપાતો રાહતો : કલમ ૮૦ ડી અને કપ ઘાયલ કરવી.

કુલ આવકની આકારણી : કલમ–૭૬ અને ૭૭ રદ થઈ છે.

પરિશિષ્ટ "ક"
ઠરાવાંક ક્રમાંક ૯(૨)

બી.એસ.સી. ઇલેક્ટ્રોનિક્સના અભ્યાસક્રમમાં નીચે પ્રમાણેનો સુધારો કરવામાં આવ્યો છે, જેનો અમલ જૂન ૧૯૯૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે :

1. The following topics from the Paper-V are placed in Paper-IV.

   (a) SCR-UJT (b) Optoelectronics.

2. On Paper VI, in the topic of instrumentation the following changes are as follows :

   Article No. 6.8, 6.10, 6.11 & 8.2, 8.3, 8.4, 8.5 are removed. (Book by Cooper and Helfrit).

3. In Electrodynamics (Paper VIII) the following three chapters are in syllabus :

   Chapter 1—Vector analysis.

   Chapter 2—Electrostatics.

   Chapter 5—Magnetostatic.

4. Multimeter complete study in all respect is included in Paper-VI in instrumentation topic.

પરિશિષ્ટ " ૬"
(ક્રમાંક ૬(૭)

એમ.એસસી. માઇક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ નીચે મુજબ સુધારવામાં આવ્યો છે. જેનો અમલ જૂન, ૧૯૯૪થી કરવાનો રહેશે.

M.Sc. (MICROBIOLOGY) PART—II

Syllabus in force from June—1994

There shall be 5 theory papers, each of 100 marks and 3 hours duration.

The practical examination will be of 150 marks out of which 30 marks will be assigned on the basis of oral examination.

Meritorious students will be allowed to offer dissertation in lieu of practicals for any one paper. It shall carry 50 marks. The last date for submission of such dissertation will be 15th March. Out of remaining 100 marks, they will be assessed orally for 20 marks (other than dissertation Viva-Voce).

PAPER—IV :

ADVANCES IN MICROBIAL TECHNOLOGY

Unit—I Modifications and New Inductions of :

1. Substrates
2. Bioreactors
3. Products

Unit—II Aspects of up & down stream processing :

1. Sterilization
2. Aeration—Agitation
3. Antifoam & steering agents
4. Product recovery
5. Concept of scale—up.

Unit—III Enzyme & Tissue culture Technology :

1. Immobilized enzyme & cells
3. Monoclonal antibodies

Unit—IV Microbial biomass production for food & health :

1. SCP
2. SCO
3. Vaccines
4. Biofertilizers.
5. Bioinsectioides
6. Food, Feed & Baker's Yeast
7. Mushroom

Unit—V Microorganisms as catalysis :

1. Steroid transformation
2. Enhanced oil recovery
3. Bioleaching of metals & Desulfuration of fuels
4. Starters.

PAPER—V : ECONOMIC MICROBIOLOGY

Survey of microbiological propucts; detailing of the microbes involved, fermentative production and recovery of the products specified for each of the following topics :

Unit–I : Antibiotics :

1. Penicillins
2. Tetracyclines

Unit–II : Enzymes (excluding immobilization aspects) :

Amylases

2. Proteases
3. Lipases

Unit–III : Alcohols and organic acids :

1. Acetone—Butanol & 2, 3—Butylene glycol
2. Citric acid
3. Acetic acid
4. Lactic acid.

Unit-VI : **Vitamins, Amino acids & Beverages :**

1. **Vitamin B_2 (Riboflarine)**
2. **Vit–B_2 (Cobamides)**
3. **Glutamic acid**
4. **Lysine**
5. **Wines**
6. **Beers**
7. **Cider, sake and Keffir**

Unit–V : **Biofuels and biopolysaccharides**

1. **Biogas**
2. **Gasohol**
3. **Dextran**
4. **Xanthan**

PAPER-VI : ENVIORNMENTAL MICROBIOLOGY

Unit-I : **Microorganisms as geochemical agents :**

1. **Fitness of microorganisms as geochemical agents**
2. **Influence of environmental factors on the distribution of microorganisms in environment and influence of man thereupon**
3. **Cycles of matter & mineralization**
4. **Population interactions.**

Unit-II : **Drinking & Waste water management :**

1. **Care & monitoring of drinking & recreational waters.**
2. **Disposal of domestic waste water.**
3. **Principles of disposal of Industrial waste water, Survey of various industries, Detailing of management of one or two examplary industrial wastes.**

Unit-III : **Biodegradation :**

1. **Survey of recalcitrant & nonrecalcitrant compounds entering ecosystems.**
2. **Biodegradations of lignin, pesticides, Hydrocarbons, Dyes, Soaps & Detergents.**

Unit–IV : Pollution Microbiology :

1. Propollution activities of microorganisms
2. Antipollution activities of microorganisms

Unit–V : Biodeterication :

1. Principles & Microbial Mechanisms
2. Testing methodology, Preventive & Control measures.
3. Biodeterioratinn of materials : Survey and detailed discussion of biodeterioration of one or two materials of economic importance.

Practicals : 15 titles for each paper will be announced with their references at the beginning of the term every year.

Seminars : A student will be required to deliver at least one seminar per year.

References : For each topic the most current references available will be announced prior to introduction in the class.

પરિશિષ્ટ "૪"
ઠામકાજ ક્રમાંક ૯(૪)

એમ.કોમ. ભાગ-૨ના બિઝનેસ મેનેજમેન્ટના ૧૯૯૩થી સુધારેલા અભ્યાસક્રમમાં ટોપિક-૩ના પેરેગ્રાફ-૩માં જેલો પેરેગ્રાફ અભ્યાસક્રમમાંથી રદ કરવો.

Delegation of authority; Classical guidelines for effective delegation, limitations of classical guidelines; obstacles to delegation.

Decentralisation; Factors and trends in decentralisation.

થર્ડ બી.કોમ. પરીક્ષાના બિઝનેશ મેનેજમેન્ટ પેપર-૪ના ટોપિકસ નીચેના પરિશિષ્ટ મુજબ નિયત કરવામાં આવ્યા છે :

Topics for dissertation at T. Y. B.Com., (optional)
Management P. IV 1994-95

1. Evaluating the working of any small scale industrial/business unit.
2. Critical analysis of planning process in any large scale business unit.
3. Critical evaluation of managerial problems in any transport undertaking.
4. Evaluating leadership style in any organization.
5. Critical analysis of recruitment and selection practices in business organization
6. Evaluation of H R D function in a large organization.
7. A comparative study of capital structures in any two undertakings. (At least two units to be selected from the same industry).
8. A study of working of any lease financing company.
9. A comparative analysis of advertising messager of any consumer product in print media. (At least five company ads. shall be studied)
10. Problems of salesmanagement in a manufacturing unit.
11. Analysis of product Life cycle of any consumer product.
12. A study of quality management in any manufacturing unit.

13. **Management of purchasing function in any business unit.**
14. **A study of layout of any manufacturing unit.**
15. **Problems of managing any Hotel, or hospital, or health centre, or school or club or panchayat.**
16. **A study of buying behaviour of any consumer durable (At least 25 respondents be contacted).**
17. **Problems of managing a fair price shop.**
18. **Library topics :**
    - **(i) Impact of globalization on Indian management practices,**
    - **(ii) Recent trends in financing working capital,**
    - **(iii) Social Marketing,**
    - **(iv) Critical evaluation of any one theory of motivation from manager's view point.**

Notes :—

1. **A Candidate will have the option of selecting his/her own topic of dissertation in consultation with his guide and with the prior approval of the University before the close of first term.**
2. **Each candidate for the final examination shall submit two copies of his/her dissertation to the University through his/her college authorities within one week of the close of the second term.**

પરિશિષ્ટ "બ"
ઠરાવ નં. ૯(૫)

કાંકણપુરની આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ચાલુ વર્ષ ઉપરોક્ત કૉલેજે વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા અંગે (ચાલુ વર્ષથી) અરજી આપેલ હતી, તેમના તરફથી તા. ૩--૭--૧૯૯૪ના રોજ નવી રીન્યૂ માટેની અરજી યુનિવર્સિટીને મળી છે. તેના અનુસંધાનમાં જૂન, ૧૯૯૪માં બહાર પડેલ સામાન્ય પ્રવાહનાં પરિણામો અમે તપાસી ગયા છીએ, તે અનુસાર ગોધરા, લુણાવાડા અને શહેરા કેન્દ્રોમાંથી જૂન, ૧૯૯૪માં અનુક્રમે ૯૭૬, ૧૩૮ અને ૧૧૮૫ વિદ્યાર્થી પાસ થયા છે, આ ઉપરાંત ઑક્ટોબર, ૧૯૯૩માં ગોધરા કેન્દ્રમાંથી ૩૭૯ વિદ્યાર્થી પાસ થયેલ છે. તે રીતે આ કેન્દ્રોમાંથી કુલ ૩૦૭૯ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં પ્રવેશપાત્ર બન્યા છે.

આ વિસ્તારની કૉલેજોમાં ગોધરા, લુણાવાડા અને કાંકણપુરમાં પ્રવેશક્ષમતા અને નવી શરૂ થનાર કોઠંબાની કૉલેજની અપેક્ષિત પ્રવેશક્ષમતા જોતાં આ તમામ કૉલેજોમાં ૨૨૦૦થી ૨૫૦૮ સુધી વધુમાં વધુ વિદ્યાર્થીઓને સમાવી શકાય, તે જોતાં ૫૦૦ ઉપરાંતના વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે તેમ છે, તે જોતાં કાંકણપુરમાં વિનયન વિદ્યાશાખા સાથે વાણિજ્ય વિદ્યાશાખા જોડવાની જરૂર અમને જણાઈ છે. તેથી કાંકણપુરની વિનયન કૉલેજ સાથે વાણિજ્ય વિદ્યાશાખા આપવાની ભલામણ કરીએ છીએ.

તપાસસમિતિના સભ્યો
પ્રા. કે. એન. શાસ્ત્રી
પ્રિ. દર્શનસિંગ શીખ
પ્રિ. આર. એસ. વ્યાસ
પ્રા. એ. જાર. શાહ

* * *

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૧૫--૮--૧૯૯૪ સુધીમાં કરે તો તેને કાંકણપુર ખાતે જય અંબે લલિતાબહેન કાળીદાસ કોટેચા આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્ય વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૯૪થી તારીખ ૧૪--૬--૧૯૯૫ સુધીનું નવું જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછા નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસફૂટ જેટલી જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય ગણાય એવા ઓજારખંડો.

(૨) વર્ગખંડો ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડ,

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલો સગવડવાળો સુસજ્જ વાચનખંડ અને વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) કૉલેજના કાર્યાલય માટે એક ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	રૂ. ૧૦,૦૦૦
(૨) સામયિકો માટે	રૂ. ૧,૨૫૦
(૩) સંદર્ભગ્રંથો	રૂ. ૧,૨૫૦.

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગ્યા લૉની આવશ્યક ગણાશે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ ટકા (આઠી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૫૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવશે. શરતોના પરિપાલનનો હેવાલ મોકલતી વખતે સંસ્થા પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે તેટલી કિંમતની ઋણમુક્ત અસ્કયામત છે તે મતલબનું ચેરિટી કમિશનરશ્રી અથવા ચાર્ટર્ડ એકાઉંટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૯. 'ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ., અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે' તે મુજબનું સંસ્થાને બાંયધરી પત્ર.

૧૦. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે, (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૧. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૨. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

પરિશિષ્ટ "ન"
ઠરાવકાળ ક્રમાંક ૧૦

ALL INDIA COUNCIL FOR TECHNICAL EDUCATION

(A Statutory Body of the Government of India)

Dr. S. K. Sharma
Director

Board of Studies.

F. No. 440/25–7/BOS (M) 94 September 8, 1994.

The Deputy Secretary,
Educational Department,
Government of Gujarat,
Sardar Bhavan, Sachivalaya,
Gandhinagar–382 010.

Dear Sir,

